વર્ષ : ૬૬ ■ અંક : ૧૩ ■ તા.૦૧-૦૭-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક






વડાપ્રધાનશ્રીએ જ્યાં શિક્ષણ મેળવ્યું તે વડનગરની બી .એન. હાઇસ્કૂલથી

## ૨૪મા રાજ્યવ્યાપી 'શાળા પ્રવેશોત્સવ'નો પ્રારંભ

# શાળા પ્રવેશોત્સવ - કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ તસવીરી ઝલક



નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી
ગાંધીનગર



મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ
અમદાવાદ



મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા
રાજકોટ



મંત્રી શ્રી નરેશભાઈ પટેલ
નવસારી



મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા
પોરબંદર



મંત્રી શ્રી રમણભાઈ સોલંકી
આણંદ



મંત્રી શ્રી
પ્રફુલભાઈ પાનસેરીયા
જામનગર



મંત્રી શ્રી ડૉ.
મનીષાબહેન વકીલ
વડોદરા



મંત્રી શ્રી
પરસોત્તમભાઈ સોલંકી
ભાવનગર

**Gujarat**

The Reliable fortnightly of Gujaratis

**Year : 66 ◆ Issue : 13 ◆ Date : 1 - 7 - 2026**

**તંત્રી :** કે. એલ. બચાણી

**સહતંત્રી :** અમિત ગઢવી

**કાર્યવાહક તંત્રી :** જયેશ દવે

**સંપાદક :** મનીષા વાઘેલા

**સહસંપાદક :** બેલા મહેતા, ડૉ. લૉઈસ ક્રિશ્ચિયન, નીરવ રાવલ

**કલાનિર્દેશક :** જસ્મીન દવે

**લેઆઉટ ડિઝાઈન :** મૌલિક એમ. રાજપૂત

**વિતરણ વિભાગ :** મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

**'ગુજરાત' પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી**

**વિતરણ :** ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨

**ફરિયાદ એડ્રેસ :** gujaratpaxik1@gmail.com

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 48 + 4 Cover = Total 52**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.**

**આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે**

**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- 'ગુજરાત' પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લૉટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

**માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત**

# શબ્દશઃ



- શાળા પ્રવેશોત્સવ બાળકોના સર્વાંગી વિકાસ સાથે શિક્ષણક્ષેત્રે પરિવર્તનનું મહા જનઅભિયાન છે.
- ગુજરાત વિશ્વભરના રોકાણકારો માટે બેસ્ટ ચોઈસ ઑફ ઈન્વેસ્ટમેન્ટ અને દેશના વિકાસનું ગ્રોથ ઍન્જિન બન્યું છે.
- ગુજરાત વિકાસનાં અન્ય ક્ષેત્રોમાં નંબર વન છે તેમ શિક્ષણમાં પણ નંબર વન બને તે માટે સૌના સહિયારા પ્રયાસો આ શિક્ષણ સેવાયજ્ઞમાં મહત્ત્વપૂર્ણ છે.
- ગુજરાતે હંમેશાં વિકાસલક્ષી નીતિઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગમૈત્રીપૂર્ણ અભિગમ દ્વારા દેશ-વિદેશના રોકાણકારોનો વિશ્વાસ જીત્યો છે.
- સુદૃઢ આયોજન, રોકાણકારમૈત્રી નીતિ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના બળે ગુજરાત વિશ્વસનીય પૉલિસી-ડ્રિવન સ્ટેટ તરીકે સ્થાપિત થયું છે.
- નવી ઔદ્યોગિક નીતિ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરનારો સર્વગ્રાહી વિકાસ-દસ્તાવેજ છે.
- પર્યાવરણ સંરક્ષણ અને ઔદ્યોગિક વિકાસ વચ્ચે સંતુલનથી જ સર્વાંગી અને ટકાઉ વિકાસ હાંસલ કરી શકાય છે.
- જો આપણે પ્રકૃતિનું ધ્યાન રાખીશું તો જ આપણા જીવન અને સંસ્કૃતિને ટકાવી શકીશું.
- યોગ એ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન રહેતાં આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ બનવો જોઈએ.
- પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તામાં સુધારાની સાથે ઉત્પાદન-ક્ષમતા જળવાતાં ખેડૂતોને બજારમાં સારા ભાવ મળવાની શક્યતા વધે છે.
- જળ-સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી અને આધુનિક કૃષિ-વિકાસ પર રાજ્ય સરકારનું વિશેષ ફોકસ છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

**આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો. યોગ્યતા અનુસાર તેને 'ગુજરાત' પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.**

## આકર્ષણ




૬ પ્રતિભાવ






૭ સંવાદ





૮ યોજના






૯ સંદેશ

૧૦ કવર સ્ટોરી





૧૮ આરોગ્ય સેતુ







૨૨ નીતિ પરાયણ





૨૭ વિકાસયાત્રા

૩૨ ઉજવણી
૩૩ ચિત્રવીથિકા
૩૪ વિકાસદર્પણ
૩૬ ગૌરવ
૩૭ સમાચાર વિશેષ
૩૮ સંક્ષિપ્ત સમાચાર
૪૦ નિર્ણય
૪૩ સાફલ્યગાથા
૪૪ સ્વદેશી
૪૫ અવનવું
૪૬ ઝૂમ-ઇન
૪૭ પ્રેરણા
૪૮ ક્વિઝ કોર્નર
૪૯ જાણકારી
૫૦ શબ્દયાત્રા

# શિક્ષણ, ઔદ્યોગિક સાહસિકતા સાથે સ્વાસ્થ્યનો સુ-યોગ



'ક-કમળનો ક' અને 'એકડો સાવ સળેકડો' શીખતાં બાળકો... શાળાજીવનમાં પ્રવેશતાં નાનાં ભૂલકાં... એમની તરફ દૃષ્ટિ કરીએ તો તેઓ આપણા રાજ્યના સ્વર્ણિમ ભાવિના ઘડવૈયા અને રખેવાળ જ લાગે. તેમના વર્તમાનની ગુણવત્તા આવતી કાલના દેશની વાસ્તવિકતા બને છે. આથી જ સમગ્ર ગુજરાત સરકાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલાં પાડેલા વિદ્યાભ્યાસના ચીલે ચાલતા રહીને, પ્રત્યેક બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે માટે પ્રતિવર્ષ પ્રતિબદ્ધતા દર્શાવે છે. રાજ્ય સરકાર વતી ગાંધીનગરથી જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીમંડળના તમામ સભ્યો ઉપરાંત સરકારમાં ઉચ્ચ જવાબદારી નિભાવતા અધિકારીઓ સરકારી શાળાએ પહોંચી દાખલ થતાં બાળકોનું સ્વાગત કરે છે ત્યારે આ ક્ષણ વાલી-વિદ્યાર્થીઓ પર ઊંડી અસર જન્માવે છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'શાળા પ્રવેશોત્સવ'ની ૨૪મી કડીનો રાજ્ય વ્યાપી પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા શિક્ષણ મેળવેલી વડનગરની બી.એન. હાઈસ્કૂલથી કરાવી રાજ્યમાં શિક્ષણની જ્યોતને પ્રબળ બનાવવા અભિયાન શરૂ કર્યું છે.

શિક્ષણ સ્વાસ્થ્ય વિના અને સ્વાસ્થ્ય યોગ વિના સંભવે નહીં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં સેવા, સુશાસન, વિકાસ અને જનકલ્યાણનાં ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાની સાથે આંતરરાષ્ટ્રીય યોગદિવસ-૨૦૨૬ની ઉજવણીના સમન્વયથી લોકોમાં ઉત્સાહ બેવડાયો. સત્તાવાર રીતે યોગની મહત્તા દુનિયાને જાણતાં ૧૨ વર્ષ થઈ ચૂક્યાં છે. સમગ્ર વિશ્વની સાથે દેશે પણ ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'યોગ ફોર હેલ્ધી એજિંગ' થીમ સાથે ઊજવ્યો. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે યોગદિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં સહભાગી થયા હતા. રાજ્યમાં ૩૩૦થી વધુ સ્થળોએ સવા કરોડથી પણ વધુ લોકોએ યોગાસનો કરી ઉજવણીમાં યોગદાન આપ્યું.


ઉલ્લાસમય ઉજવણીના વધુ એક કારણનું નિમિત્ત બની નવી 'ઔદ્યોગિક નીતિ-૨૦૨૬'. ગુજરાત તેની ઉદ્યમપ્રિયતાના કારણે વૈશ્વિક ધોરણે જાણીતું છે. અહીં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો - MSME અને ગૃહ ઉદ્યોગોનો વિકાસ પૂરજોશમાં થઈ શકે તે માટે ઉદ્યોગલક્ષી વાતાવરણ રહે તેની ખાસ કાળજી રાખવામાં આવે છે. આના ભાગરૂપે રાજ્ય સરકારે નવીન 'ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' અમલમાં મૂકી છે, જે રાજ્યની વિકાસયાત્રાની ઝડપને પ્રવેશી બનાવવામાં ઉદ્દીપકની ભૂમિકા ભજવશે.

પ્રત્યેક અંકની માફક આ અંકમાં પણ સરકાર દ્વારા લેવાયેલા જનહિતકારી નિર્ણયો તેમજ મુખ્યમંત્રીશ્રીના અગત્યના કાર્યક્રમોની તસવીરી ઝલકનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંકની તમામ માહિતીમાંથી પસાર થતાં વાચકોને પહેલા વરસાદની ભીની માટીની મધુર સોડમ સમો આહ્લાદક અનુભવ થઈ શકે છે. વર્ષાઋતુના આગમન પહેલાં 'ગુજરાત' પાક્ષિક સંગ જ્ઞાનવર્ષાને માણીએ.

**- કે. એલ. બચાણી,** આઈ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

## વાચકોના વિચારો.. અમારા પ્રેરણાસ્રોત



'ગુજરાત' પાક્ષિકના આગામી અંક માટે વાચકોએ 'ગુજરાત' અંગે પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં મોકલવા વિનંતી.

gujaratmagazine@gmail.com

બ્લોક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**01**

‘ગુજરાત’ પાક્ષિક માત્ર સમાચારની જાણકારી માટે જ નથી, પરંતુ સમાજના વિચારોનો અરીસો પણ છે. ઝડપી માહિતીના ઘોંઘાટ વચ્ચે તે વાચકને જરા રોકાઈને વિચારવાની, સત્યને ઓળખવાની અને યોગ્ય પ્રશ્ન કરવાની પ્રેરણા આપે છે. ગુજરાતી ભાષાની સુગંધ, સંસ્કૃતિની ગરિમા અને લોકચિંતાના મુદ્દાઓને એકસાથે વણી લેતું આ પાક્ષિક આસપાસ બનતી ઘટનાઓની માહિતી પણ આપે છે અને વાચકોના વિચારોને અવાજ આપે છે. બદલાતા યુગમાં જ્યારે જીવનમૂલ્યો ધૂંધળાં પડતાં જાય છે, ત્યારે આ પાક્ષિક જાગૃતિનો એવો દીપ બનીને ઊભું રહે છે.

- ગ્રીષ્મા દેસાઈ (ગાંધીનગર)

**02**

‘ગુજરાત’ પાક્ષિક સમાચાર અને લેખોના સંકલન ઉપરાંત ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને સમાજના વિચારોને જીવંત રાખવાનું એક અગત્યનું માધ્યમ છે. આજના ડિજિટલ યુગમાં, જ્યારે લોકો ટૂંકી અને ઝડપી માહિતી તરફ વધુ આકર્ષાય છે ત્યારે, ‘ગુજરાત’ પાક્ષિક વાચકોને ગહન વિચાર, વિશ્લેષણ અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટે એક વિશિષ્ટ મંચ પૂરો પાડે છે. તે સમાજનાં વિવિધ પ્રશ્નો, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક મૂલ્યોને ઉજાગર કરીને વાચકોમાં જાગૃતિ અને વિચારશીલતા વિકસાવે છે.

- ઋત્વી ગાયકવાડ (ગાંધીનગર)

**03**

‘ગુજરાત’ પાક્ષિક સરકારનું સામયિક છે, તેથી તેમાં લોકો માટે સરકાર દ્વારા લેવામાં આવતાં અસરકર્તા નિર્ણયો, નીતિઓ, કાર્યક્રમો અને અભિયાનોની માહિતી સરળતાથી મળી રહે છે. તેના દરેક અંકના અંતિમ પાને આપવામાં આવતી યોજનાની માહિતી પણ લોકો માટે ઉપયોગી સાબિત થાય છે. આ સાથે જ સરકારી અને ખાનગી પ્રકાશનોનાં પુસ્તકોની માહિતી પણ મને વાંચવી ગમે છે. પાક્ષિક વાંચ્યા બાદ આપેલી ક્વિઝમાંથી પસાર થવું અને જવાબ આપવા એ પણ રસપ્રદ પ્રયત્ન છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ‘મન કી બાત’માં ગુજરાત વિશે શું બોલ્યા તે જાણવા માટે ‘ગુજરાત’ પાક્ષિક મદદમાં આવે છે.

- નેન્સી ગોટાવાલા (સુરત)



# મન કી બાત
## જૂન ૨૦૨૬

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કૅન કરો...

### દેશની સુરક્ષા અને આત્મનિર્ભરતા

જૂન મહિનામાં ભારતે કંઈક એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી જે દરેક દેશવાસીના મસ્તકને ગર્વથી ઊંચું કરી દે છે. કોલકાતામાં નૌસેના સાથે જોડાયેલા એક કાર્યક્રમમાં INS દૂનાગિરિ, INS સંશોધક અને 'INS અગ્રય'ને ભારતીય નૌસેનાના બેડામાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં. આ જહાજોની ડિઝાઈન અને મેન્યુફૅક્ચરિંગ સુધી, બધું જ સ્વદેશી છે. C-295, આ વિમાન 'મેઈડ ઈન ઈન્ડિયા' છે અને C-295 વિમાને પોતાની પહેલી ઉડાન ભરી અને આવાં ૪૦ વિમાન ભારતમાં જ બનાવવામાં આવી રહ્યાં છે.

### 'પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજના'

મહારાષ્ટ્રના નાંદેડના બહાદુરપુરા ગામમાં પેઠકર પરિવાર રહે છે. આ પરિવારે વિચાર્યું કે જો આનંદ વહેંચવો જ હોય તો એવી ચીજ આપવામાં આવે, જે મુશ્કેલીના સમયમાં કોઈ પરિવારનો સહારો બને. પોતાના ઘરમાં લગ્નપ્રસંગે આ પરિવારે ગામના લગભગ સાડા ત્રણ હજાર લોકો માટે દુર્ઘટના વીમાની વ્યવસ્થા કરી. દરેક વ્યક્તિને એક લાખ રૂપિયાનું વીમાકવચ આપ્યું.

### 'હરગિલા' એક દુર્લભ પક્ષી

આસામમાં 'હરગિલા' નામનું એક દુર્લભ પક્ષી જોવા મળે છે. તે પ્રકૃતિને સ્વચ્છ રાખવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. પરંતુ આસામના કેટલાક વિસ્તારોમાં લાંબા સમય સુધી તેને અશુભ માનવામાં આવતું હતું. લોકો તેને પોતાની આસપાસ જોવાનું પસંદ કરતા નહોતા. અનેક વાર તો, જેના પર હરગિલાએ માળો બાંધ્યો હોય એ ઝાડને કાપી નાખવામાં આવતાં હતાં! જીવ-વૈજ્ઞાનિક પૂર્ણિમા દેવી બર્મને આ બધું જોયું. તેમણે લોકોના મનમાં ઘર કરી ગયેલી ખોટી ધારણાઓને બદલવાનો સંકલ્પ કર્યો. તેમણે લોકો સાથે વાત કરી-કરીને સમજાવ્યા. જે પક્ષીને ક્યારેક અશુભ માનીને ઉડાડી મૂકવામાં આવતું હતું તે આજે આ ગામડાંઓની ઓળખ બનવા લાગ્યું.

### મેઘાલયના જીવંત બ્રિજ

મેઘાલયની વિશેષતા છે તેના રૂટ બ્રિજ. રસ્તાવાળો રૂટ નહીં, મૂળવાળો રૂટ. આ રૂટ બ્રિજોની વાત ઘણી રોચક છે. આ બ્રિજને તૈયાર થવામાં અનેક દશક લાગે છે. રબરનાં ઝાડનાં મૂળને ધીરે-ધીરે દિશા આપવામાં આવે છે. આ મૂળને જળધારાઓની પાર લઈ જવામાં આવે છે. સમયની સાથે આ મૂળ એક મજબૂત સેતુનું રૂપ લઈ લે છે. આ પુલની એક બીજી વિશેષતા છે. તે જીવંત બ્રિજ છે. હવે ભારતે મેઘાલયના રૂટ બ્રિજોને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ નેટવર્કમાં સમાવિષ્ટ કરાવવા માટે આવેદન કર્યું છે.

### નાલંદા વિશ્વ વિદ્યાલય

હજારો વર્ષ જૂનું નાલંદા વિશ્વ વિદ્યાલય હવે નવા અવતાર સ્વરૂપે ભારતનું ભાગ્ય ઘડી રહ્યું છે. બે વર્ષ પહેલાં મને નાલંદા વિશ્વ વિદ્યાલયના નવા પરિસરના લોકાર્પણની તક મળી હતી. નાલંદા વિશ્વ વિદ્યાલયે શાસ્ત્રાર્થની આપણી પ્રાચીન પરંપરાને પુન: જીવંત કરી છે. મને આનંદ છે કે નાલંદા વિશ્વ વિદ્યાલયે મને પોતાના દીક્ષાંત સમારોહનો હિસ્સો બનાવ્યો. તેમાં ભાગ લેનારા લગભગ અડધા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અન્ય દેશોમાંથી આવ્યાં હતાં. એક પ્રાચીન પરંપરાને આજના સમય સાથે જોડવાનો આ પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય છે.

### 'મન કી બાત'માં ગુજરાત

'આંતરરાષ્ટ્રીય યોગદિવસ'માં દુનિયાનાં ૨,૫૦૦થી વધુ સ્થાનો પર યોગના કાર્યક્રમો યોજાયા. આપણા દેશમાં કરોડો લોકોએ વિવિધ સ્થળોએ યોગ-કાર્યક્રમોમાં ભાગ લીધો. અમદાવાદમાં યોજાયેલી 'વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ'ની પણ ઘણી ચર્ચા થઈ. તેમાં ભારતે કુલ ૧૧૪ પદકો જીત્યા, જેમાં ૧૦૨ સુવર્ણચંદ્રકોનો પણ સમાવેશ થાય છે. ભારત આ ચેમ્પિયનશિપના પદક કોષ્ટકમાં પહેલા સ્થાન પર રહ્યું. હું બધા વિજેતા ખેલાડીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું.

# 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના'નો ૨૩મો હપતો રિલીઝ





ધરતી પરના વિશ્વાસના રખેવાળ એવા ખેડૂતની ખુમારી જ આખી સૃષ્ટિનું પેટ ભરતી આવી છે. આથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની રાજ્ય સરકાર ખેડૂતોની મદદે હરહંમેશ ઊભી રહી તેમના જીવનને સરળ બનાવવા પ્રયત્નશીલ છે.

વડાપ્રધાનશ્રીએ પશ્ચિમ બંગાળના તારકેશ્વર-હુગલીથી ધરતીપુત્રોને સહાયક એવી 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના'નો ૨૩મો હપતો રિલીઝ કરીને દેશના ૯.૪૪ કરોડ ખેડૂતોનાં બૅંકખાતામાં કુલ રૂ. ૧૮,૮૮૦ કરોડથી વધુની સહાય જમા કરી હતી. ગુજરાતના ૫૧.૨૮ લાખ ધરતીપુત્રોને રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની સહાય પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના આ ૨૩મા હપતામાં મળી. ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનો 'પી. એમ. કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાનુભાવો સહિત રાજ્યના હજારો ખેડૂતોએ વડાપ્રધાનશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોની આવકમાં વધારો થાય, ખેતી વધુ સમૃદ્ધ બને અને ગ્રામીણ અર્થતંત્ર મજબૂત બને તે દિશામાં સરકાર સતત કાર્યરત છે. ખેડૂતોની સમૃદ્ધિ, પાણીનું સંરક્ષણ, પ્રાકૃતિક ખેતી અને આધુનિક કૃષિ-વ્યવસ્થાના માધ્યમથી ગુજરાતને કૃષિક્ષેત્રે વધુ મજબૂત બનાવવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે. રાજ્ય સરકારે પણ ખેડૂતોના કલ્યાણને કેન્દ્રમાં રાખીને ખેતીને વધુ આત્મનિર્ભર, ટકાઉ અને સમૃદ્ધ બનાવવાના અનેક સફળ પ્રયાસો કર્યા છે. ખેડૂતોની સૌથી મોટી જરૂરિયાત પાણી છે. પાણી વિના ખેતીમાં કેટલી બધી મુશ્કેલીઓ સર્જાઈ શકે તેનો અનુભવ ગુજરાતે કર્યો છે. અગાઉ મોટા ભાગે વરસાદ આધારિત ખેતી થતી હતી, પરંતુ હવે નર્મદા-આધારિત સિંચાઈ વ્યવસ્થા અને નહેરોના વિસ્તરણના આયોજનથી અનેક વિસ્તારોમાં ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી રહ્યા છે અને ત્રણેય સિઝનમાં પાક લેતા થયા છે.

કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કોઈ પણ વચેટિયા વગર સંપૂર્ણ પારદર્શી રીતે ગુજરાતના ૫૧ લાખથી વધુ ખેડૂતોનાં ખાતામાં રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની રકમ સીધેસીધી ટ્રાન્સફર થઈ ગઈ છે. અત્યાર સુધીમાં દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂતોનાં ખાતાંમાં રૂ. ૪.૫૦ લાખ કરોડની સહાય સીધેસીધી જમા થઈ છે. રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે, જેમાં કૃષિ યાંત્રિકીરણ માટે હજારો કરોડની સબસિડીથી લઈને કુદરતી આફતોના સમયે ઐતિહાસિક રૂ.૧૧,૦૦૦ કરોડનું રાહત પૅકેજ જાહેર કર્યું છે. કટોકટીના સમયે નર્મદાનું પાણી છોડીને તળાવો-ડેમો ભરવા જેવા નિર્ણયોથી ગુજરાતના ખેડૂતો સુખી અને સમૃદ્ધ બન્યા છે.







### શાળા પ્રવેશોત્સવ

# પ્રગતિનો પ્રવેશોત્સવ

**૨૩ વર્ષની ગૌરવશાળી યાત્રા : શિક્ષણથી સામાજિક પરિવર્તન સુધી**

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શાળા પ્રવેશોત્સવ માટેના સંદેશાના મહત્ત્વના અંશો અત્રે પ્રસ્તુત છે.**



ઇતિહાસની સૌથી મોટી વિશેષતા એ છે કે એ મોટાભાગે એવી ક્ષણોમાં રચાતો હોય છે, જ્યારે કોઈની નજરમાં તે ક્ષણ અસામાન્ય કે વિશેષ નથી હોતી. એક બાળકનો પ્રથમ વખત શાળામાં પ્રવેશ થવો એ પણ આમ તો એક સામાન્ય ઘટના જ લાગે છે. પણ જે નજરો આ સામાન્ય લાગતી બાબતમાં ઊંડાણ જુએ છે, તે જાણે છે કે એ એક નાનકડા પગલામાં કેટલીય પેઢીઓનું ભવિષ્ય સમાયેલું હોય છે. શાળામાં પ્રવેશી રહેલા બાળક માટે એ શાળાનું દ્વાર જ નથી ખૂલતું, પરંતુ તેની સાથે તેના પરિવાર માટેની સંભાવનાઓ પણ ખૂલે છે, સમાજની આશાઓને નવી પાંખો મળે છે અને આવનારા કાલની અસંખ્ય શક્યતાઓ પણ તે ક્ષણે જન્મ લેતી હોય છે. આ જ કારણ છે કે, જ્યારે આપણે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વર્તમાન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિથી શરૂ કરવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષોની ગૌરવશાળી યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે તે ફક્ત કોઈ સરકારી અભિયાનની સાફલ્યગાથા જ નથી લાગતી, પરંતુ તે એક એવા સામાજિક પરિવર્તનની ગાથા લાગે છે, જેણે ગુજરાતની અનેક પેઢીઓને જીવનની નવી દિશા પ્રદાન કરી છે.

જ્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે વર્ષ ૨૦૦૩માં આ અભિયાનનો પાયો નાખ્યો હતો, ત્યારે રાજ્ય અનેક સામાજિક અને વિકાસલક્ષી પડકારોનો સામનો કરી રહ્યું હતું. શિક્ષણનું ક્ષેત્ર પણ એ પડકારોમાંનું એક હતું. વર્ષ ૨૦૦૧-૦૨માં શાળા છોડીને જનારાં બાળકોનો દર ૩૭ ટકાથી પણ વધુ હતો, એટલે કે લગભગ દરેક ત્રીજું બાળક શિક્ષણના મુખ્ય પ્રવાહમાંથી બહાર થઈ જતું હતું. રાજ્યના અનેક પરિવારોમાં હજુ પણ શિક્ષણના મહત્ત્વ અંગે પૂરતી જાગૃતિનો અભાવ હતો, જ્યારે સામાજિક અને આર્થિક મર્યાદાઓના કારણે દીકરીઓના શિક્ષણને વિશેષ પડકારોનો સામનો કરવો પડતો હતો.

કોઈ પણ સમાજમાં કાયમી પરિવર્તન ત્યારે આવે છે, જ્યારે તે સમાજની દીકરીઓ પ્રગતિ કરે છે. મોદીજી તેમના નેતૃત્વના પ્રારંભિક તબક્કામાં જ સમજી ગયા હતા કે ગુજરાતના ભવિષ્યને જો સશક્ત બનાવવું હશે તો દીકરીઓના શિક્ષણને જનઆંદોલનનું સ્વરૂપ આપવું જ પડશે. આ વિચાર સાથે કન્યાકેળવણી રથયાત્રાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો એક અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો. છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતમાં દીકરીઓના શિક્ષણ પ્રત્યે સમાજના દૃષ્ટિકોણમાં જે પરિવર્તન આવ્યું છે, તે માત્ર સરકારી પ્રયાસોનું પરિણામ નથી, પરંતુ એક સામૂહિક જાગૃતિ અને ચેતનાનું પરિણામ છે. આજે માતા-પિતા પોતાની દીકરીઓને શાળામાં મોકલવા સુધી જ સીમિત નથી રહેતાં, પરંતુ તેમને ઉચ્ચ શિક્ષણની નવી ઊંચાઈઓ સર કરતી અને પોતાનાં સપનાંઓને સાકાર કરતી જોવા પણ આતુર રહે છે.

ધરતીમાં બીજ રોપનાર જાણતો હોય છે કે તે પોતે કદાચ એ બીજમાંથી ઊગનારા વૃક્ષની છાયામાં ક્યારેય નહીં બેસી શકે, છતાં પણ તે સંપૂર્ણ વિશ્વાસ સાથે બીજને ધરતીમાં રોપે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી રથયાત્રા પણ આદરણીય મોદીજી દ્વારા વાવવામાં આવેલું એવું જ એક દૂરંદેશી બીજ છે, જે આજે શિક્ષણ, સમાન તકો અને સામાજિક જાગૃતિના વિશાળ વટવૃક્ષ તરીકે આપણી સમક્ષ ઊભું છે, જેની છાયામાં ગુજરાતની નવી પેઢીઓ પોતાનાં સપનાંઓને આકાર આપી રહી છે.

**- શ્રી ભૂપેન્દ્ર પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**




## વિદ્યારંભ સંસ્કારનો ઉત્સવ

# શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી મહોત્સવ-૨૦૨૬

વિદ્યારંભ સંસ્કાર માત્ર અક્ષરજ્ઞાનનો આરંભ નહીં, પરંતુ આત્મજાગૃતિની દિશામાં ઉપાડેલું પહેલું પગલું છે. અક્ષર એ માત્ર મૂળાક્ષર નથી, તે ચેતનાનો પ્રકાશ છે. જ્ઞાન કંઈ માત્ર વ્યવસાયનું સાધન નથી, તે જીવનને દિશા આપતું દિવ્ય તત્ત્વ છે અને વિદ્યારંભ સંસ્કાર માત્ર પરંપરા નથી, પણ વ્યક્તિ ઘડતરનો મહાયજ્ઞ છે. જ્યારે બાળક પ્રથમ વખત જ્ઞાનના દ્વારે પગ મૂકે છે, ત્યારે તે માત્ર લખતાં-વાંચતાં શીખવાની શરૂઆત નથી કરતું, પરંતુ ઋષિ-મુનિઓએ દર્શાવેલા સંસ્કાર, સદાચાર અને સત્યના માર્ગે ચાલવા પ્રતિજ્ઞાબદ્ધ થાય છે.

મા સરસ્વતીની કૃપા, ગુરુજનોના આશીર્વાદ અને માતા-પિતાના પ્રેમથી નાનાં ભૂલકાં વિદ્યારંભ સંસ્કાર દ્વારા જીવન ઘડતરની યાત્રાનો શુભારંભ કરે છે. દરેક બાળક જ્ઞાનમાં વિનમ્રતા, બુદ્ધિમાં વિવેક, કર્મમાં કરુણા અને જીવનમાં ધર્મનાં મૂલ્યોને ધારણ કરી ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરે એ જ શિક્ષણનો ઉદ્દેશ હોય છે.

સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે કે, "શિક્ષણ એટલે મનુષ્યમાં રહેલી સંપૂર્ણતાને બહાર લાવવાની ઉત્કૃષ્ટ પ્રક્રિયા". કોઈ પણ રાષ્ટ્ર કે રાજયના વિકાસ અને તેના નાગરિકોની સુખાકારી માટે શિક્ષણ એક મૂળભૂત અને પાયાની આવશ્યકતા છે. કોઈ પણ રાષ્ટ્રનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાતું હોય છે.

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની માતૃશાળા, કે જ્યાં તેમણે શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું તે વડનગરની બી.એન. હાઇસ્કૂલથી ૨૪મા રાજ્યવ્યાપી 'શાળા પ્રવેશોત્સવ'નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

**બાળકોના ૧૦૦ ટકા નામાંકનથી શિક્ષણ સેવાયજ્ઞને વેગવાન બનાવવા મુખ્યમંત્રીશ્રીનું આહ્વાન**

રાજ્યનું ભાવિ ઉજ્જ્વળ કરવા આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩થી એવા શિક્ષણની નેમ રાખી હતી કે જેનાથી વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને નૈતિકતાનો વિકાસ થાય. એવી શિક્ષણ-પ્રણાલી કે જે બાળકને કરુણાશીલ અને જવાબદાર નાગરિક બનાવે, જેના થકી એક સશક્ત કુટુંબ તથા રાષ્ટ્રનું નિર્માણ સંભવ બને. તેમણે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને એક ઐતિહાસિક જનઆંદોલનમાં ફેરવી દીધો. સરકાર શિક્ષણને સર્વોચ્ચ પ્રાધાન્ય આપે છે, એટલે જ વર્ષારંભે મુખ્યમંત્રીશ્રીથી લઈને તમામ મંત્રીશ્રીઓ અને અધિકારીઓ રાજ્યભરનાં અંતરિયાળ ગામોની મુસાફરી કરીને તમામ માતા-પિતા પોતાનાં બાળકોને શિક્ષણ માટે શાળામાં મોકલે તે માટે પ્રેરણા આપે છે. શાળા પ્રવેશોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી પરંતુ તે સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનું એક પ્રબળ જનઅભિયાન છે.

આ માત્ર સરકારી કાર્યક્રમ નથી. આમાં ખુદ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ ગામેગામ જઈ શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવે છે તથા બાળકોને શાળાએ મોકલવા વાલીઓને પ્રોત્સાહિત કરે છે. સરકાર માટે શિક્ષણ કોઈ સામાન્ય મુદ્દો નહીં, પરંતુ સમાજના વિકાસની આધાર શિલા છે. સરકાર દ્વારા દર વર્ષે યોજાતો શાળા પ્રવેશોત્સવ સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનું એક જનઅભિયાન છે. પ્રવેશોત્સવ










એ ગામનાં તમામ બાળકોનો વિદ્યારંભ સંસ્કાર છે, આથી આ આપણા સૌનો એક ઉત્સવ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ'ની ૨૪મી કડીનો પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યાં શાળા-શિક્ષણ મેળવેલું તે વડનગરની બી.એન. હાઈસ્કૂલથી કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં ૩૯૦ જેટલાં બાળકોનું શાળામાં નામાંકન કરવામાં આવ્યું હતું. વડનગર ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ પ્રવેશોત્સવના બીજા દિવસે દાહોદ અને ત્રીજા દિવસે સાણંદમાં બાળકોને શાળાપ્રવેશ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય પરિવારનો વિદ્યાર્થી પણ મહેનત, સંકલ્પ અને શિક્ષણના બળ પર જીવનમાં મોટી સફળતા મેળવી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું જીવન છે. તેમના નેતૃત્વમાં શિક્ષણ, કૌશલ્ય અને વિકાસના ક્ષેત્રે નવી તકો ઊભી થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશોત્સવની ફળશ્રુતિ અંગે કહ્યું કે, ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનું મહત્ત્વપૂર્ણ અભિયાન શરૂ કરાવ્યું હતું. તેના પરિણામે રાજ્યમાં શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર

શિક્ષણમાં ટેક્નોલૉજીના વિનિયોગથી દરેક બાળક શાળાકીય શિક્ષણ પૂરું કરે તે માટે સરકારની પ્રતિબદ્ધતાની સાથેસાથે વાલીઓની પણ એટલી જ જવાબદારી છે.

દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ અમલમાં મૂકી છે તેનાં સકારાત્મક પરિણામો મળ્યાં છે.

## 'પ્રેરણા સંકુલ'માં વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ

મુખ્યમંત્રીશ્રીએ 'પ્રેરણા સંકુલ'માં કાર્યરત વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પાસાંઓનું અવલોકન કર્યું હતું. મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઊંડો રસ દાખવી તેમની સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

પ્રેરણા સંકુલ વડનગરની ઐતિહાસિક પ્રાથમિક શાળાના ભવનના જીર્ણોદ્ધારની એક અનોખી પહેલ છે, જ્યાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. વર્ષ ૧૮૮૮માં સ્થાપિત આ ઐતિહાસિક વિદ્યાલયને ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ (ASI) દ્વારા ભવિષ્યના આધુનિક શિક્ષણ સંસ્થાન તરીકે પુનઃવિકસિત કરવામાં આવ્યું છે.



પરિવર્તન આવ્યું છે. એક સમયે મોટી સંખ્યામાં બાળકો અધવચ અભ્યાસ છોડી દેતાં હતાં, પરંતુ સતત પ્રયાસો અને શિક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારીના કારણે આજે શાળાઓમાં નામાંકન-દર ૧૦૦ ટકા સુધી પહોંચ્યો છે અને ડ્રોપ-આઉટ રેશિયો એક ટકાથી પણ ઓછો થયો છે.

વડનગરની શાળાનાં ૨૪ બાળકો જેમણે કોઈ કારણસર શાળા-અભ્યાસ છોડી દીધો હતો તેમને શોધીને પુન:પ્રવેશ કરાવવામાં આવ્યો છે તે માટે મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે ટકોર કરી હતી કે, શિક્ષકો બાળકની ગેરહાજરીની ચિંતા કરે. દરેક બાળક શાળાકીય શિક્ષણ પૂરું કરે તે માટે સરકારની સાથે વાલીઓની પણ એટલી જ જવાબદારી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ અમલમાં મૂકી છે તેનાં સકારાત્મક પરિણામો ટૂંકા ગાળામાં જ મળ્યાં છે. 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯થી ૧૨માં ભણતી દીકરીઓને રૂ.૫૦ હજારની સહાય અને 'નમો સરસ્વતી' યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને રૂ.૨૫ હજારની પ્રોત્સાહક આર્થિક સહાય આપવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં કહ્યું કે, મોબાઈલ અને ટીવીનો ઉપયોગ મર્યાદિત રાખી અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સમયનું યોગ્ય આયોજન, માતા-પિતાનો આદર અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા દ્વારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, મંચ-સંચાલન, મહાનુભાવોનાં સ્વાગત અને આભારવિધિ જેવી તમામ વ્યવસ્થાઓ શાળાના વિદ્યાર્થીઓએ જ સંભાળી લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓના આ

# કરંજવેરી સરકારી શાળા બની શિક્ષણનું આધુનિક મૉડલ



રાજ્ય સરકારે ગામેગામ ખાનગી સ્કૂલોમાં અપાતી સુવિધાઓથી પણ વધુ સુવિધાઓ આપતી હાઈટૅક શાળાઓનું નિર્માણ કર્યું છે. આવી જ એક શાળા એટલે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના કરંજવેરી ગામની પ્રાથમિક શાળા. કરંજવેરી પ્રાથમિક શાળામાં પ્રવેશદ્વાર પાસે જ મનમોહક બગીચો, અદ્યતન સંકુલ અને બાળકો માટે આર.ઓ.ના શુદ્ધ પાણી સહિતની સુવિધા આકર્ષે છે.

આચાર્ય શ્રી અજયસિંહ ઠાકોર જણાવે છે કે, બે ઓરડામાં શરૂ થયેલી આ શાળામાં દાતાઓ અને સરકારની મદદથી એક એક વર્ગ વધારતા ગયા હતા. રાજ્ય સરકાર દ્વારા અંદાજે રૂ. ૫૦ લાખના ખર્ચે ગ્રાઉન્ડ પ્લસ બે માળનું આધુનિક સુવિધા સાથે ૧૧ વર્ગખંડનું નવું મકાન બનાવી આપવામાં આવ્યું છે. તે ઉપરાંત કમ્પ્યૂટર લૅબ, સાયન્સ લૅબ અને દરેક ક્લાસમાં સ્માર્ટબોર્ડ છે.

આ શાળામાંથી વર્ષ ૧૯૫૨થી અત્યાર સુધીમાં કુલ ૩૭૨૬ બાળકો ભણીને ગયાં છે, જેમાંથી આજે અનેક વિદ્યાર્થીઓ ડૉક્ટર, એન્જિનિયર, ધારાસભ્ય અને મામલતદાર સુધીના મોભાદાર હોદ્દા પર બિરાજ્યા છે. શાળામાં ક્લાસ પ્રમાણે વાલીઓનું વૉટ્સએપ ગ્રૂપ બનાવીને બાળકોની ઍક્ટિવિટીનાં ફોટો-વીડિયો મોકલવામાં આવે છે. આ સિવાય સ્કૂલ ઍજ્યુકેશન સૉફ્ટવેર ડેવલપ કરવામાં આવ્યું છે, જેના દ્વારા બાળક ગેરહાજર રહે અથવા તો જન્મદિવસ હોય તો વાલીને તુરંત જાણ કરતો મૅસેજ જાય છે. માસિક-ત્રિમાસિક પરીક્ષાના ગુણ પણ વાલીઓને મોબાઈલ પર તુરંત મળી જાય છે. શાળામાં થતી પ્રવૃત્તિ લોકો સુધી પહોંચે તે માટે 'કલરવ' નામથી ઈ-મૅગેઝિનની શરૂઆત કરી હતી, જે દર મહિનાની પહેલી તારીખે પ્રકાશિત થાય છે. અત્યાર સુધીમાં ૮૯ અંક પૂરા કર્યા છે. આ ઈ-મૅગેઝિનથી ફાયદો એ થયો કે, બાળકો પોતાની તસવીરો જોઈને તો હરખાય જ, પરંતુ વાલીઓ પણ પોતાના બાળકની તસવીરો અને પ્રવૃત્તિઓ નિહાળીને ખૂબ ખુશ થાય છે.

સરકારી શાળાનું બાળક બહાર સ્પર્ધા કરી શકે તે માટે તેઓને અલગ અલગ ભાષા શીખવવામાં આવે છે. જેમ કે, બે દિવસ ગુજરાતી, બે દિવસ હિન્દી, એક દિવસ અંગ્રેજી અને એક દિવસ સંસ્કૃત ભાષામાં બાળકોએ પ્રેઝન્ટેશન કરવાનું હોય છે. આ ભાષાઓમાં અંગ્રેજી ભાષા પર વધુ ભાર મુકાય છે. રોજના ૧૦થી ૧૫ અંગ્રેજી શબ્દો શીખવવામાં આવે છે.







કૌશલ્યની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ કલા અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણની સાથે સામાજિક જવાબદારીના ભાગરૂપે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ વાહન-વ્યવહારના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રીએ શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. તેમણે શાળા-વ્યવસ્થાપન કમિટી અને સંચાલક મંડળના સભ્યો સાથે પણ બેઠક યોજીને શૈક્ષણિક ગુણવત્તા બાબતે પરામર્શ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદનાં મોટી ખરાજ, રાહડુંગરી અને ગાંગરડા ગામોની શાળાઓમાં ૩૦૦થી વધુ બાળકોને શાળા-પ્રવેશ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ વિસ્તારોમાંથી નિરક્ષરતાનું કલંક મિટાવવા શરૂ કરાવેલો શાળા પ્રવેશોત્સવ આજે શિક્ષણક્ષેત્રે વિકાસનું વટવૃક્ષ બન્યો છે. આદિજાતિ વિસ્તારોમાં વર્ષોની શિક્ષણ-ભૂખ પૂરી થઈ છે અને ભૂતકાળના શાળા પ્રવેશોત્સવમાં શાળાઓમાં દાખલ થયેલાં બાળકોએ આજે ડૉક્ટર, એન્જિનિયર, પાઇલટ જેવાં ક્ષેત્રોમાં સમાજનું નામ ઊજળું કર્યું છે. યોગ્ય

## નમો લક્ષ્મી યોજના થકી વિદ્યાર્થિનીઓની સંખ્યામાં ૭૩ ટકા વધારો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં નમો લક્ષ્મી યોજના અમલી થયા પછી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાજરી આપતી કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓની ઓનલાઇન હાજરીનું મૉનિટરિંગ કરવામાં આવે છે, જે મુજબ શાળાઓમાં ધો-૯થી ૧૨ના વર્ગખંડોમાં ૮૦% હાજરી આપતી વિદ્યાર્થિનીઓની સંખ્યા વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૭૧,૯૮૮થી વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૨,૯૬,૪૯૫ થઈ છે, એટલે કે ગત એક વર્ષમાં ૭૩%નો વધારો દર્શાવે છે.

નમો લક્ષ્મી યોજનાની સાથે જ રાજ્યના વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ



કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી થવાનાં પણ હકારાત્મક પરિણામો જોવા મળ્યાં છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રના જણાવ્યા મુજબ, આ યોજનાના કારણે વિજ્ઞાનના વર્ગોમાં ૮૦થી ૧૦૦% હાજરી આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા, ૨૦૨૪-૨૫માં ૧૯,૩૨૪થી વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૪૩,૫૩૩ થઈ છે, જે ગત એક વર્ષમાં લગભગ ૧૨૫%નો વધારો સૂચવે છે.

આર્થિક મુશ્કેલીઓને કારણે વિદ્યાર્થીઓનું શાળાકીય શિક્ષણ અટકે નહીં અને ધો-૧૨ સુધીનો તેમનો અભ્યાસ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિદ્યાર્થીઓ માટે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મૅરિટ સ્કૉલરશિપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસાધના મૅરિટ સ્કૉલરશિપ યોજનાઓ અમલી બનાવી છે.

માર્ગદર્શન અને તક મળે તો દીકરીઓ પણ દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે છે, તેનું ઉદાહરણ આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ખરજ ગામની ત્રણ દીકરીઓએ રગ્બી રમતમાં નૅશનલ લેવલ સુધી પહોંચીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર જિલ્લાના અડાલજ વિસ્તારની ૩ સરકારી શાળાઓના કુલ ૪૦૨ વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શાળા-પ્રવેશ કરાવ્યો હતો.

શાળાના પ્રથમ દિવસે બાળકોના ચહેરા પર જોવા મળતાં ખુશી અને ઉત્સાહ એ જ શાળા પ્રવેશોત્સવ અભિયાનની સાચી સિદ્ધિ છે, તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ખાનગી શાળાઓ સાથે સરકારી શાળાઓની સકારાત્મક સરખામણી કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ખાનગી શાળાઓની મોટી એસી બસોમાં જતાં બાળકો ઘણીવાર શાળાના પ્રથમ દિવસે રડતાં જોવા મળે છે. તેની સામે સરકારી શાળાઓમાં યોજાતા પ્રવેશોત્સવના કારણે પ્રથમ દિવસે જ તમામ બાળકો ખૂબ ખુશખુશાલ, હસતાં અને રમતાં નજરે પડે છે. ગુજરાતનાં બાળકો ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે શાળામાં પ્રવેશે તે હેતુથી શરૂ કરાયેલા આ અભિયાનની આ વર્ષે ૨૪મી કડી ઊજવાઈ રહી છે, જેના થકી રાજ્યના લાખો વિદ્યાર્થીઓનું જીવન બદલાયું છે.

તેમણે શિક્ષકો અને વાલીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, આપણે સૌએ સાથે મળીને માત્ર શાળા નથી ચલાવવાની, પરંતુ બાળકોના જીવનનું ઘડતર કરીને તેમના ભવિષ્યને વધુ ઉજ્જ્વળ કરવાનું છે. તેમણે ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને શાળા વ્યવસ્થાપન સમિતીના માધ્યમથી શાળાના

# રાષ્ટ્રીય સ્તરે રાજ્યની ૧૫ શાળાઓને પ્રવૃત્તિઓ માટે રૂ. ૧ લાખનું ફંડ

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ NEP-૨૦૨૦નાં સફળ પાંચ વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં ‘Swachchh Evam Harit Vidyalaya Rating (SHVR) ૨૦૨૫-૨૬’ કાર્યક્રમ લૉન્ચ કરવામાં આવ્યો છે, જેમાં રાષ્ટ્રીય સ્તરે માન્યતા માટે ગુજરાતની ૧૫ શાળાઓની આખરી પસંદગી કરવામાં આવી છે. આ વિજેતા શાળાઓમાં રાજકોટની ત્રણ, વડોદરાની બે, નવસારીની બે, પોરબંદરની બે તેમજ અમદાવાદ, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, વલસાડ અને મહેસાણાની એક-એક શાળાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્તરે વિજેતા બનેલી આ ૧૫ શાળાઓને ભારત સરકાર તરફથી વિશેષ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત, શાળાઓમાં ગ્રીન અને સસ્ટેનેબલ-ટકાઉ પ્રવૃત્તિઓની અમલવારી સતત ચાલુ રહે અને ભવિષ્યના પ્રયાસો જળવાઈ રહે તે હેતુથી પ્રત્યેક શાળાને રૂપિયા એક લાખનું વિશેષ ફંડ પણ એનાયત કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ તેમજ શિક્ષણમંત્રી શ્રી પ્રદ્યુમનભાઈ વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજાના નેતૃત્વમાં રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી મળીને કુલ ૪૪ હજારથી વધુ શાળાઓએ રેકોર્ડબ્રેક અને સફળ રજિસ્ટ્રેશન કરીને સ્વ-મૂલ્યાંકન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાઓને સ્વચ્છ, હરિયાળી, સર્વસમાવેશી, સુરક્ષિત અને સાતત્યપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાનો છે. NEP-૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓ અને શાળાઓમાં વ્યાવહારિક પરિવર્તન, પર્યાવરણીય સંતુલન તથા ક્લાઈમેટ રેઝિલિયન્સ જેવી બાબતોની કામગીરી અંગે શાળાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

# કવિ દુલા કાગ સરકારી પ્રાથમિક શાળા બહાર લાગ્યું ‘નો ઍડમિશન’નું બોર્ડ

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અભિયાનની સફળતા નિહાળવી હોય તો વડોદરા જવું પડે. વડોદરાની કવિ દુલા કાગ પ્રાથમિક શાળાની બહાર શાળા પ્રવેશોત્સવ શરૂ થાય તે પહેલાં પ્રવેશદ્વારે ‘નો ઍડમિશન’નું બોર્ડ લગાવવું પડ્યું છે, જે માતા-પિતાના વિશ્વાસનું પ્રતિબિંબ છે. ત્રણ ઈમારતો, ૨૪ વર્ગખંડો અને ૧૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી આ શાળામાં ઍર-કન્ડિશન્ડ કમ્પ્યૂટર અને વિજ્ઞાન પ્રયોગશાળાઓ, આધુનિક પુસ્તકાલય, સ્માર્ટ ક્લાસરૂમ, રમતગમતનાં મેદાનો, ઔષધીય બગીચો અને હરિયાળું કૅમ્પસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળાને પીએમ શ્રી યોજનામાં સ્થાન મળતાં વધારાના નવ વર્ગખંડો અને નવી સુવિધાઓનો લાભ મળશે, જેના કારણે વિદ્યાર્થીઓની ક્ષમતા ૨૦૦૦થી વધુ થવાની શક્યતા છે.

શૈક્ષણિક ક્ષેત્રે શાળાના વિદ્યાર્થીઓએ NMMS, PSE, CET અને જ્ઞાનસાધના જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તમ પ્રદર્શન કર્યું છે. રમતગમતમાં ખો-ખો, લંગડી અને રોપ મલ્લખંભ જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને અનેક સિદ્ધિઓ મેળવી છે.







વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. આ સાથે જ, નાનાં ભૂલકાંઓને રોજિંદા જીવનમાં પ્રથમ દિવસથી જ સ્વચ્છતા, નિયમિત બ્રશ કરવું અને રમ્યા બાદ હાથ ધોવા જેવી સારી આદતોની કેળવણી આપવા તેમણે શિક્ષકોને અપીલ કરી હતી.

તેમણે બાળકોને માર્ગ-સલામતી અને હેલ્મેટના ઉપયોગનો અનોખો સંકલ્પ લેવડાવ્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ નાગરિકો અને અધિકારીઓએ માર્ગ-સલામતી અંગેના શપથ લીધા હતા.

'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના ત્રીજા દિવસે અમદાવાદના સાણંદના પીંપણ અને મોડેલ સ્કૂલ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શાળાપ્રવેશ કરાવ્યો હતો. મોડેલ સ્કૂલ સાણંદમાં ધોરણ-૯માં ૧૪૨ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહમાં ૫૦ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ૧૭ વિદ્યાર્થીઓ મળીને કુલ ૨૦૯ વિદ્યાર્થીઓને શાળાપ્રવેશ કરાવાયો હતો. મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવ-પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ અર્પણ કરીને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સાણંદ દેશનું મોટું 'સેમીકંડક્ટર હબ' બનીને ઊભરી રહ્યું છે, ત્યારે આ વિસ્તારના દીકરા-દીકરીઓ પણ ગ્લોબલ સ્તરનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે તે અનિવાર્ય છે. આ તકે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સાણંદ મૉડલ સ્કૂલ પરિસર, સાયન્સ લૅબ અને કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય ગર્લ્સ હૉસ્ટેલની મુલાકાત લઈને વ્યવસ્થાઓ નિહાળી હતી. મુખ્યમંત્રીશ્રી સહિતના સૌ મહાનુભાવોએ આ પ્રસંગે શાળા-પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

# 'સ્કૂલ ઓન વ્હીલ્સ'- રણશાળા પ્રોજેક્ટનો શુભારંભ

ગુજરાત સરકાર દ્વારા અંતરિયાળ રણના મીઠું પકવતા વિસ્તારોમાં રહેતા અગરિયા પરિવારોનાં બાળકોને અવિરત શિક્ષણ મળી રહે તે માટે નવીન 'સ્કૂલ ઓન વ્હીલ્સ' (School on Wheels) 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં આ પ્રેરણાદાયી શરૂ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી આ ૨૮ રણશાળાની બસોનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રીએ



જણાવ્યું હતું કે, ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા અગરિયા વિસ્તારમાં 'રણશાળા'ના અભિગમ સાથે એસટીની વેસ્ટ બસોમાંથી કઈ રીતે તેનો બેસ્ટ ઉપયોગ થઈ શકે તેનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ રણશાળા એક ખૂબ જ યુનિક મૉડલ છે. બસની અંદર ૨૦થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે, જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઈન ક્લાસિસનો પણ આ બધાં જ બાળકો લાભ લઈ શકશે. આ બસો ૩.૮ KVA ઑફ-ગ્રીડ સોલાર પાવર પ્લાન્ટથી સજ્જ છે, જે વીજળીના જોડાણ વિના પણ ૪૮ કલાક સુધી બસ કાર્યરત રાખવા સક્ષમ છે. આ રણશાળાઓ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં સૌથી વધુ ૨૦, પાટણના સાંતલપુરમાં ચાર, કચ્છના અંજારમાં બે તેમજ મોરબીના માળિયામાં બે એમ કુલ ૨૮ બસો શિક્ષણના યજ્ઞમાં સહભાગી થઈ છે.

# ‘નિપુણ ગુજરાત કાર્યક્રમ’નો પ્રારંભ



દેશ અને રાજ્યનાં તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવીને શિક્ષિત બને તેની ચિંતા કરીને તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી ગુજરાતમાં સૌપ્રથમ શાળા પ્રવેશોત્સવ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો, તે શિક્ષણયજ્ઞ આજે પણ અવિરત ચાલુ છે. જેના થકી આજે ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ અને ગુણવત્તામાં હકારાત્મક બદલાવ આવ્યો છે. તાજેતરમાં વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી નીતિ-આયોગની બેઠકમાં પણ પોષણ, શિક્ષણ અને આરોગ્ય પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ‘શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬’ કાર્યક્રમ પૂર્વે માર્ગદર્શક બેઠકમાં બાળકોના ૧૦૦ ટકા શાળા-નામાંકનથી ગુજરાતને શિક્ષણક્ષેત્રે પણ નંબર વન પર રાખવાનું આહ્વાન કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી સહિત મહાનુભાવોના હસ્તે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં મંજૂર થયેલી ૨૯૮ માધ્યમિક શાળાઓ પૈકી પાંચ શાળાઓના અધિકારપત્રો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સુપરત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા અને રાજ્ય શિક્ષણમંત્રી શ્રીમતી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં શિક્ષણક્ષેત્રે પાયાનાં પરિવર્તનો લાવવાના હેતુથી નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ આધારિત ‘સ્ટેટ કરિક્યુલમ ફ્રેમવર્ક (SCF)’ તેમજ શાળાઓની ગુણવત્તાની ચકાસણી માટે ‘સ્કૂલ ક્વૉલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (SQAAF)’ પુસ્તકનું મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ, પ્રાથમિક શિક્ષણના સુદૃઢીકરણ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૨૮-૨૯ સુધી ત્રણ વર્ષ માટે મહત્ત્વપૂર્ણ એવા ‘નિપુણ ગુજરાત કાર્યક્રમ’નો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો.



આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં શાળાઓમાં જતા દરેક અધિકારી-પદાધિકારીએ સ્કૂલ મૅનેજમેન્ટ કમિટી (SMC)ની બેઠકમાં શિક્ષણની આવશ્યકતા સમજાવી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, શાળા છોડી ચૂકેલાં બાળકોને શોધીને શાળા સુધી પુનઃ પહોંચાડવાનું ઉત્તમ કાર્ય કરવા બદલ શિક્ષણ વિભાગ અને સમગ્ર વહીવટી તંત્રની ટીમ અભિનંદનનાં અધિકારી છે. આગામી દિવસોમાં સમાજના સાથ-સહકાર અને રાજ્ય સરકારના પ્રયાસોથી રાજ્યમાં ડ્રૉપ-આઉટ દર શૂન્ય સુધી પહોંચશે તેવો વિશ્વાસ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું હતું કે, સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગમાં સમગ્ર દેશમાં ગુજરાતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે રાજ્યની ૧૫ શાળાઓએ પણ આ પ્રતિષ્ઠિત રેટિંગમાં સ્થાન મેળવ્યું છે. વધુમાં, દેશના શ્રેષ્ઠ ૧૦ જિલ્લાઓમાં રાજકોટ જિલ્લાને સાતમું સ્થાન મળ્યું છે.



# નિરામય જીવન પ્રદાન કરવામાં

# યોગનું યોગદાન

એક આકલન અનુસાર 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં 'યોગ' શબ્દનો સીધો જ ઉલ્લેખ ૬૦થી વધુ વાર, 'યોગી' શબ્દ ૨૦થી વધુ વાર અને 'યુક્ત' શબ્દ ૪૦થી વધુ વાર ઉચ્ચારાયો છે. તમામ અધ્યાયોનાં નામમાં પણ તેને પ્રાથમિકતા આપવામાં આવી છે. योगस्थः कुरु कर्माणि, योगः कर्मसु कौशलम् અને योगः समत्वं उच्यते દ્વારા 'યોગ'ના બહુઆયામી અર્થો સ્પષ્ટ થાય. વર્તમાનમાં યોગાસનો અને પ્રાણાયામ પૂરતી યોગની સીમિત વ્યાખ્યા દેશ-વિદેશમાં લોકપ્રિય છે, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં कोऽहम्થી सोऽहम् સુધીની, સ્થૂળથી સૂક્ષ્મની અંતર્યાત્રાની વ્યાપકતાના અર્થમાં યોગની વ્યાખ્યા કરવામાં આવી છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ અહિંસા અને સત્ય જેવા 'યમ'ના પાંચ સિદ્ધાંતોને આશ્રમ જીવનમાં પ્રાથમિકતા આપી હતી, જે વર્તમાન સમયમાં પણ પ્રસ્તુત છે અને જ્યાં સુધી મનુષ્યજાતિ જીવે છે ત્યાં સુધી તેની આવશ્યકતાઓ પણ રહેવાની. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરદૃષ્ટિથી ૨૧મી જૂનના દિવસને વર્ષ ૨૦૧૪માં સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગદિવસ તરીકેની માન્યતા મળ્યા બાદ વર્ષ ૨૦૧૫માં વૈશ્વિક સ્તરે તેને પ્રથમ વાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઊજવવામાં



આવ્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના પગલે સમગ્ર દુનિયાએ યોગની શક્તિને સ્વીકારી છે અને સંયુક્ત રાષ્ટ્રસંઘના ૧૭૭ જેટલા દેશોએ ભારતીય સંસ્કૃતિની યોગપ્રણાલીને અપનાવીને તેને સ્વસ્થ જીવન માટે ઉપયોગી માની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં સેવા, સુશાસન, વિકાસ અને જનકલ્યાણનાં ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગદિવસ - ૨૦૨૬ અંતર્ગત સમગ્ર દેશે ઉત્સાહભેર ઉજવણી કરી.

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણીનું વાતાવરણ હર્ષોલ્લાસથી તરોતાજા બની રહ્યું. ગાંધીનગર ખાતેના લોકભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. રાજ્યપાલશ્રીએ યોગના મહત્ત્વ વિશે જણાવ્યું હતું કે, યોગ ભારતની હજારો વર્ષ જૂની પ્રાચીન વિદ્યા અને વિજ્ઞાન છે. યોગ માત્ર કસરત નથી, પરંતુ જીવન જીવવાની એક ઉત્તમ કળા છે. ભારતીય સંસ્કૃતિમાં યોગને હંમેશાં સ્વાસ્થ્ય અને આધ્યાત્મિક ઉન્નતિના આધારરૂપ માનવામાં આવ્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત નાગરિકોએ યોગાભ્યાસ કર્યો હતો. યોગાભ્યાસ બાદ રાજ્યપાલશ્રીએ સૌને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા શપથ લેવડાવ્યા હતા.

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે ૧૨મા વિશ્વ યોગદિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષની થીમ 'યોગ ફોર હેલ્ધી એજિંગ' અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૩૩૦૦થી વધુ સ્થળોએ સવા કરોડથી પણ વધુ લોકો જોડાયા હતા. તેમાં બાળકો, યુવાનો અને વડીલો અલગ-અલગ સ્થળેથી સામૂહિક યોગમાં જોડાયા હતા. રાજ્યનાં સૌ નાગરિકોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આંતરરાષ્ટ્રીય યોગદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યોગ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન રહેતાં આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ બનવો જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આપણી સનાતન પ્રાચીન યોગ-સંસ્કૃતિને આજે વિશ્વભરમાં સ્વીકૃતિ મળી છે. તેમણે કહ્યું કે, ૧૨મા વિશ્વ યોગદિવસની ઉજવણી એ રીતે પણ વિશેષ છે કે, વડાપ્રધાનશ્રીના સુશાસનનાં પણ ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે. વડાપ્રધાનશ્રીએ લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે 'ફિટ ઇન્ડિયા' અને 'વિશ્વ યોગદિવસ' જેવી મોટી ભેટ આપી છે, જેના પરિણામે યોગ આજે પ્રિવેન્ટિવ હેલ્થકેરનું મહત્ત્વનું માધ્યમ બની ગયો છે. આજના તણાવપૂર્ણ જીવનમાં વિવિધ ગંભીર રોગો સામે યોગ એક સ્વાસ્થ્યપ્રદ જીવનનો સૌથી સરળ અને સચોટ માર્ગ છે.

યોગ શિક્ષણ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧.૫ લાખ યોગ-ટ્રેનર તૈયાર કરી દેશમાં સૌથી વધુ ટ્રેનર બનાવવાની સિદ્ધિ ગુજરાતે મેળવી છે. રાજ્યમાં ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક યોગક્લાસ દ્વારા એક વર્ષમાં ૮ લાખથી વધુ લોકોને યોગ સાથે જોડવામાં આવ્યાં છે. રાજકોટ મહાનગરપાલિકાએ યોગ બોર્ડ સાથે








વિશેષ MoU કરીને '૧૫ મિનિટ યોગસિટી'નો નવતર અભિગમ અપનાવ્યો છે, જેમાં શહેરના કોઈ પણ સ્થળેથી ૧૫ મિનિટના અંતરે યોગસેન્ટર ઉપલબ્ધ થાય તેવું આયોજન હતું.

આ પ્રસંગે રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શીશપાલ રાજપૂતે દૈનિક જીવનમાં યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે યોગને સનાતન ઋષિ-પરંપરાની અદ્વિતીય ભેટ ગણાવીને ૩૬૫ દિવસ માટે યોગને અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે કૉમન યોગ પ્રોટોકૉલ સાથે સૌને યોગાભ્યાસ પણ કરાવ્યો હતો. આ પ્રસંગે સૌએ પશ્ચિમ બંગાળના કોલકાતામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગદિવસના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આંતરરાષ્ટ્રીય યોગદિનની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડન ખાતે યોગદિનની ઉજવણીમાં ભાગ લઈને યોગાભ્યાસ કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ પ્રસંગે જોડાયા હતા. ઉપસ્થિત મહાનુભાવો સાથે સૌ નાગરિકો સામૂહિક યોગાભ્યાસમાં જોડાયાં હતાં જ્યાં તેઓએ વિવિધ પ્રકારનાં યોગાસનો કર્યાં હતાં. યોગના પ્રભાવથી સૌએ શારીરિક તથા માનસિક હળવાશનો અનુભવ કર્યો હતો. વિશ્વ યોગદિનની આ ઉજવણીમાં શહેરના સ્થાનિક પદાધિકારીઓ - અધિકારીઓ, યુવાનો, વિદ્યાર્થિનીઓ અને યોગપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજ્યભરમાં થયેલી યોગદિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ, જૂનાગઢ અને મહીસાગરમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમોનું આયોજન વિવિધ સંસ્થાઓ અને કચેરીઓએ સંગઠિત બની કર્યું હતું. અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી નરોડામાં આવેલા વિન્ટેજ વિલેજ કાર મ્યુઝિયમ, દાસ્તાન ફાર્મમાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં સંબોધનોનું જીવંત પ્રસારણ સાંભળ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ઉપરાંત સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ-કર્મચારીઓ, ઇસ્કોન મંદિરના સંતો, શાળા-કૉલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



ગુજરાત સરકાર

# ગુજરાતમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી 2015 થી 2026

## યોગથી જનઆંદોલન સુધીની વિકાસયાત્રા

| ક્રમ | વર્ષ | થીમ | રાજ્યકક્ષાનું ઉજવણીસ્થળ | વિશેષતાઓ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૫ | યોગ ફોર હાર્મની એન્ડ પીસ | GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ | • રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી ૭૫ સ્થળોએ ૧ કરોડ ૨૦ લાખથી વધુ લોકો યોગાભ્યાસમાં જોડાયાં. |
| ૨ | ૨૦૧૬ | યોગ ફોર ધ અચિવમેન્ટ ઑફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ | GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ | • રાજ્યભરમાં ૪૦,૦૦૦થી વધુ સ્થળોએ યોગદિનની ઉજવણીમાં ૧.૨૫ કરોડ લોકોએ યોગાસનોમાં ભાગ લીધો હતો. |
| ૩ | ૨૦૧૭ | યોગ ફોર હેલ્થ | GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ | • ૫૪,૫૨૨ લોકોએ યોગ કરીને ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. |
| ૪ | ૨૦૧૮ | યોગ ફોર પીસ | સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ | • રાજ્યભરમાં ૩૩ જિલ્લાઓમાંથી ૪૮,૬૨૯ સ્થળોએ અંદાજિત ૧.૨૪ કરોડથી વધુ લોકો ઉજવણીમાં સહભાગી થયા હતા. |
| ૫ | ૨૦૧૯ | યોગ ફૉર હાર્ટ | સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ | • સરદાર પટેલ સ્ટેડિયમમાં સામૂહિક યોગ-સાધના<br>• સંધ્યા સમયે નર્મદા જિલ્લાના કેવડિયા સ્થિત SOU ખાતે ૧૦૦૦ સંતો, મહંતો અને ધર્મગુરુઓની નિશ્રામાં યોગદિવસની ઉજવણી થઈ હતી. |
| ૬ | ૨૦૨૦ | યોગ ઍટ હોમ, યોગ વિથ ફૅમિલી | - | • 'યોગ કરીશું - કોરોનાને હરાવીશું', 'યોગ તમને કેમ પસંદ છે?' અને 'મનપસંદ યોગાસન' વિષય પર સોશિયલ મીડિયા પર મહાનુભાવોએ મંતવ્યો અને મનગમતાં આસનો સાથેની તસવીરો અપલોડ કરી હતી. |
| ૭ | ૨૦૨૧ | યોગ ફોર વેલ બીઈંગ | - | • રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગકોચ અને યોગ ટ્રેનર્સને પ્રમાણપત્રોનું વિતરણ કરાયું હતું.<br>• છેલ્લાં ત્રણ વર્ષમાં ૭૫૦ કોચ અને ૫૩ હજાર ટ્રેનર્સ તૈયાર થયા. |
| ૮ | ૨૦૨૨ | યોગ ફોર હ્યુમૅનિટી | સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ | • અમૃત મહોત્સવ નિમિત્તે ૭૫ સ્થળોએ યોગ-નિર્દેશન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.<br>• ખેલ મહાકુંભમાં ૭૮,૦૦૦ યુવાનોએ યોગાસનની સ્પર્ધામાં ભાગ લીધો હતો. |
| ૯ | ૨૦૨૩ | યોગ ફોર વસુધૈવ કુટુમ્બકમ્ | સુરત | • રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરતમાં થયેલી ઉજવણી પહેલી વાર ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં સ્થાન પામી. કુલ ૧,૪૭,૯૫૨ નાગરિકોએ યોગ-અભ્યાસમાં જોડાવાનો કીર્તિમાન સ્થાપ્યો. |
| ૧૦ | ૨૦૨૪ | યોગ ફોર સેલ્ફ સોસાયટી | નડાબેટ, બનાસકાંઠા | • ઈતિહાસમાં પ્રથમ વાર ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ પરનાં 'ઝીરો પોઈન્ટ' પર યોગદિવસની ઉજવણી કરવામાં આવી.<br>• રાજ્ય યોગ બોર્ડ દ્વારા મોઢેરા સૂર્યમંદિર સહિત ૧૦૮ સ્થળોએ એકસાથે ૫૦,૦૦૦થી વધુ લોકો દ્વારા સૂર્યનમસ્કાર કરવાનો કિર્તિમાન સ્થાપવામાં આવ્યો. |
| ૧૧ | ૨૦૨૫ | યોગ ફોર વન અર્થ, વન હેલ્થ | શર્મિષ્ઠા તળાવ, વડનગર | • વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવને કિનારે ૨૧૨૧ યોગ-સાધકોએ એકસાથે ભુજંગાસન કરી ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડમાં નામ નોંધાવી કિર્તિમાન સ્થાપ્યો. |
| ૧૨ | ૨૦૨૬ | યોગ ફોર હેલ્ધી એજિંગ | માણસા, ગાંધીનગર | • ૧૨મો વિશ્વ યોગદિવસ અને વડાપ્રધાનશ્રીના સુશાસનનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાનો સુભગ સમન્વય.<br>• સમગ્ર રાજ્યમાં એકસાથે ૩૩૦ સ્થળોએ સવા કરોડથી વધુ બાળકો, યુવાનો અને વડીલોએ યોગાભ્યાસ કર્યો. |

## ગુજરાતની યોગક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિઓ

- 1.5 લાખ યોગ પ્રશિક્ષક
- 5000 યોગકેન્દ્રો
- એક વર્ષમાં 8 લાખ લોકો યોગ સાથે જોડાયા
- 330 સ્થળોએ એકસાથે યોગાભ્યાસ
- સવા કરોડથી વધુ લોકો સહભાગીઓ
- 4 ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ



## વિકસિત ગુજરાત તરફનું ઔદ્યોગિક મહાઅભિયાન

# 'ઔદ્યોગિક નીતિ - ૨૦૨૬'

ગુજરાત દેશનું સૌથી અગ્રણી ઔદ્યોગિક રાજ્ય ગણાય છે. ઉદ્યોગ-સાહસિકતા, સુદૃઢ માળખાકીય સવલતો, બંદરોનું વિશાળ નેટવર્ક, વ્યવસાય-મૈત્રીપૂર્ણ વહીવટ અને રોકાણકારોને સાનુકૂળ વાતાવરણના કારણે ગુજરાતે છેલ્લા બે દાયકામાં દેશના ઔદ્યોગિક વિકાસનું નેતૃત્વ કર્યું છે. તાજેતરમાં રાજ્ય સરકારે જાહેર કરેલી 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' દ્વારા આગામી બે દાયકાના વિકાસનું દિશાદર્શન રજૂ થયું છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતને વૈશ્વિક સ્તરે રોકાણ, રોજગાર અને ઔદ્યોગિક ક્ષેત્રે અવ્વલ કરવાનો તેમજ સ્વાવલંબન અને આર્થિક તાકાત વધુ મજબૂત કરવાનો હેતુ છે. એટલું જ નહીં, ગુજરાતને ભારતના વિકાસ ઍન્જિન અને પસંદગીના વૈશ્વિક રોકાણસ્થળ તરીકે મજબૂત કરવાનો ઉદ્દેશ છે. ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ ભારતની વિકાસયાત્રામાં રાજ્યના નેતૃત્વની ભૂમિકા અને વર્ષ ૨૦૪૭ સુધીમાં સમૃદ્ધ, આત્મનિર્ભર અને વિકસિત ગુજરાતની નેમ સાકાર કરવામાં નિર્ણાયક રીતે યોગદાન આપવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.




ગુજરાતને વર્ષ ૨૦૪૭ સુધી ૩.૫ USD ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનાવવા માટેની યાત્રાને ઝડપી બનાવવા માટેના એક નિર્ણાયક પગલા તરીકે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ની જાહેરાત કરવામાં આવી હતી.

રાજ્ય સરકારે આ નીતિને માત્ર ઉદ્યોગો માટેની પ્રોત્સાહક યોજના તરીકે નહીં, પરંતુ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત-૨૦૪૭'ના વિઝનને સાકાર કરવાના વ્યાપક રોડમૅપ તરીકે રજૂ કરી છે. આ નીતિ હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે રૂ.૧૦ લાખ કરોડનું રોકાણ આકર્ષવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે, જે રાજ્યના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જઈ શકાશે.




# Viksit Gujarat Industrial Policy 2026

ગુજરાત વિશ્વભરના રોકાણકારો માટે બેસ્ટ ચોઈસ ઑફ ઈન્વેસ્ટમેન્ટ અને દેશના વિકાસનું ગ્રોથ ઍન્જિન બન્યું છે.

ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬માં ગ્રીન ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, વેસ્ટ વૉટર રિસાઈક્લિંગ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ, ક્લીનર પ્રોડક્શન ટૅક્નોલૉજી અને સર્ક્યુલર ઈકૉનૉમીને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ ચાર મજબૂત આધારસ્તંભો પર ઊભી છેઃ ઈન્વેસ્ટમેન્ટ અને પ્રૉડક્શન, ઈનોવેશન અને રિસર્ચ, સ્કિલ અને એમ્પ્લોયમેન્ટ, સસ્ટેનેબિલિટી અને ઈન્ક્લુસિવ ડેવલપમેન્ટ.

વિશ્વની ઝડપથી બદલાતી જતી અર્થવ્યવસ્થા, ટૅક્નોલૉજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ગ્રીન એનર્જી અને ગ્લોબલ સપ્લાય ચેઈનની નવી રચના ઉદ્યોગોના સ્વરૂપને બદલી રહી છે, ત્યારે ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિ ભવિષ્યના ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તેમનાં અભિપ્રાયો અને માગણીઓ સંકલિત કરીને તૈયાર કરવામાં આવી છે. આ ઔદ્યોગિક નીતિમાં MSME, સ્ટાર્ટ-અપ, મહિલા ઉદ્યોગ-સાહસિકો, પ્રથમ પેઢીના ઉદ્યોગકારો અને યુવાશક્તિને વિકાસના કેન્દ્રમાં રાખવામાં આવ્યાં છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, "R&D, ઊભરતી ટૅક્નોલૉજી (emerging technologies) અને ઈનોવેશન આધારિત વિકાસ પર મજબૂત ભાર સાથે, આ નીતિ ગુજરાતને જ્ઞાન આધારિત અને ટૅક્નોલૉજી-કેન્દ્રિત અર્થતંત્ર તરફ ભારતના પરિવર્તનમાં આગેવાની કરવાની તક આપશે."

આ નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં ૧૫થી ૪૫ ટકા સુધીના વિવિધ ઈન્સેન્ટિવ દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી નવાં રોકાણો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "ગુજરાત ભારતના ઔદ્યોગિક વિકાસમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. આ નીતિ દ્વારા રાજ્ય સરકારે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્ષમતા હાંસલ કરી ઉદ્યોગો ઊભા કરવા, નવી પેઢીનાં રોકાણોને આકર્ષવા અને વૈશ્વિક મૂલ્યશ્રેણી સાથે સંકલનને વધુ મજબૂત બનાવવા તરફ એક નિર્ણાયક પગલું ભર્યું છે." મુખ્યમંત્રીશ્રીએ નવી ઔદ્યોગિક નીતિને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરનાર સર્વગ્રાહી વિકાસ દસ્તાવેજ ગણાવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશિપમાં ગુજરાતે પૉલિસી ડ્રિવન સ્ટેટની ઓળખ પ્રસ્થાપિત કરી છે; એટલું જ નહિ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાને પગલે

## આ નીતિનો હેતુ

- ઈનોવેશન, વૅલ્યુ ઍડિશન, રોજગાર-સર્જન અને સાતત્યપૂર્ણ વિકાસને પ્રાથમિકતા
- ભવિષ્ય માટે ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા
- ઔદ્યોગિક સ્પર્ધાત્મકતામાં વધારો
- સર્વસમાવેશક આર્થિક વિકાસને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા
- રોકાણકારો માટે વ્યવસાયમાં સરળીકરણ






આકર્ષાય, રોજગારીનું સર્જન થાય અને રાજ્યના યુવાનોને પોતાના વતનમાં જ ઉજ્જ્વળ ભવિષ્ય બનાવવાની તક મળે. આ નીતિ દ્વારા સરકાર અને ઉદ્યોગ-જગત મળીને વિકાસની એક મજબૂત ઇકોસિસ્ટિમ ઊભી કરશે.

માત્ર ૫ ટકા જમીન અને ૬ ટકા વસ્તી ધરાવતું ગુજરાત આજે દેશના ઉત્પાદનક્ષેત્રમાં અગ્રેસર છે. દેશના કુલ ઉત્પાદનનો ૧૮ ટકાથી વધુ હિસ્સો, ૪૦ ટકા કાર્ગો હેન્ડલિંગ અને લગભગ ૩૩ ટકા સરેરાશ નિકાસ ગુજરાતમાંથી થાય છે. દેશના સૌથી વધુ MSME-એકમો ધરાવતું ગુજરાત આજે રોકાણ, ઉદ્યોગ-સાહસ અને વિકાસનું સૌથી વિશ્વસનીય કેન્દ્ર બની ચૂક્યું છે. આ સફળતા પાછળ ગુજરાતના ઉદ્યોગ-સાહસિકો અને રાજ્ય સરકારની વિકાસલક્ષી નીતિઓનું યોગદાન છે.

સંશોધન અને વિકાસ પર ગુજરાતે વધુ પ્રાધાન્ય આપ્યું છે. કેટલાંક ક્ષેત્રોમાં ૫૦ ટકા સુધીના ઇન્સેન્ટિવ આપીને યુવાનોમાં નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. ગ્રીન એનર્જી, ડ્રોન મૅન્યુફેક્ચરિંગ, રૉબોટિક્સ, ફૂટવેર અને ટૉય મૅન્યુફેક્ચરિંગ જેવાં રાઇઝિંગ સેક્ટરોમાં ગુજરાતને વૈશ્વિક નેતૃત્વ અપાવવાનો આ નીતિનો મુખ્ય ઉદ્દેશ છે. ભવિષ્યની ટૅક્નોલૉજી અને નવી તકોમાં ગુજરાત દેશનું નેતૃત્વ કરે તે માટે આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે.

GIDC દ્વારા ગુજરાત રિસર્ચ એન્ડ ઇનોવેશન પાર્ક વિકસાવવામાં આવશે, જે અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રયોગશાળાઓ અને પરીક્ષણ સુવિધાઓ, પાઇલટ-સ્કેલ અને પ્રોટોટાઇપિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્લગ-એન્ડ-પ્લે વર્કસ્પેસ પ્રદાન કરીને અગ્રણી R&D કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ અને ટૅક્નોલૉજી આધારિત કંપનીઓને આકર્ષિત કરશે. આ ઉપરાંત, ઉદ્યોગો માટે વન-સ્ટોપ ડિજિટલ પોર્ટલ પણ વિકસાવવામાં આવશે.

સરકારે ઉદ્યોગોને મળતાં પ્રોત્સાહનો વધુ ઝડપથી અને પારદર્શક રીતે પહોંચે તે માટે પ્રક્રિયાઓને સરળ બનાવી છે. બિનજરૂરી પેપરવર્ક ઘટાડીને, મંજૂરીઓને ઝડપી બનાવીને અને ટૅક્નોલૉજી આધારિત વ્યવસ્થાઓ ઊભી કરીને નાના અને મોટા તમામ રોકાણકારોને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ગિફ્ટ સિટી, ધોલેરા, ડેટા સેન્ટરો અને ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટર્સ જેવાં ક્ષેત્રોની મદદથી ગુજરાતને દેશનું નંબર ૧ રાજ્ય બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સરકાર અને ઉદ્યોગ-જગતના સંયુક્ત પ્રયાસોથી ગુજરાત વિકાસ, રોકાણ અને રોજગારીનાં નવાં શિખરો સર કરશે, તેવો આશાવાદ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વ્યક્ત કર્યો હતો.

સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે નવી ઔદ્યોગિક નીતિમાં પરંપરાગત ઉદ્યોગોની સાથે ભવિષ્યના ઉદ્યોગોને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે. તેનો હેતુ એડવાન્સ્ડ મૅન્યુફેક્ચરિંગ, ઇનોવેશન અને સસ્ટેઇનેબલ ગ્રોથ માટે વૈશ્વિક હબ તરીકે રાજ્યને સ્થાપિત કરવાનો છે. રાજ્ય સરકારે ગ્રીન હાઇડ્રોજન, ગ્રીન એમોનિયા, સેમિકન્ડક્ટર સહાયક એકમો, રોબોટિક્સ, ડ્રોન-ઉત્પાદન, અવકાશ સંબંધિત મૅન્યુફેક્ચરિંગ અને ઇલેક્ટ્રિક વાહન જેવાં ક્ષેત્રોને 'થ્રસ્ટ સેક્ટર' તરીકે ઓળખાવ્યાં છે.

વિશ્વભરમાં ઊર્જા-પરિવર્તન અને ટૅક્નોલૉજિકલ ક્રાંતિના સમયમાં ગુજરાત આ ક્ષેત્રોમાં અગ્રણી સ્થાન મેળવવા માગે છે. ખાસ કરીને સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ગુજરાત અગ્રિમ ભૂમિકા નિભાવી શકે છે. આ નીતિને પરિણામે ધોલેરા, સાણંદ અને અન્ય ઔદ્યોગિક ઝોનમાં ઊભી થતી નવી તકો રાજ્યને વૈશ્વિક સપ્લાય ચેઇન સાથે વધુ મજબૂત રીતે જોડવાનું કાર્ય કરશે.

મુખ્યમંત્રીશ્રીના જણાવ્યા અનુસાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિકોણ અને વારસાને આ નીતિ આગળ વધારે છે.

ભારતના આગામી ઈન્ડસ્ટ્રિયલ ટ્રાન્સફોર્મેશન તબક્કાનું નેતૃત્વ કરવાની ગુજરાતની મહત્ત્વાકાંક્ષા છે, જેમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉદ્યોગોને ઉચ્ચ મૂલ્યનાં રોકાણોને પ્રોત્સાહન અને મોટા પાયે ગુણવત્તાસભર રોજગાર સર્જવાની વ્યવસ્થા સામેલ છે.

ગુજરાત સરકાર ઈન્ડસ્ટ્રી ૪.૦ અને ૫.૦ સાથે સુસંગત ઔદ્યોગિક ઈકોસિસ્ટિમને પ્રોત્સાહિત કરી રહી છે, જેમાં સ્માર્ટ અને સસ્ટેઇનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પ્રોત્સાહન આપવામાં આવે છે, જેમ કે વર્કર હાઉસિંગ, સ્ટોર્મ વૉટર મૅનેજમેન્ટ, ડિસેલિનેશન અને નવી પેઢીની GIDC સવલતો. પ્રાથમિકતા પ્રવૃત્તિઓ માટે પ્રોજેક્ટખર્ચના ૮૦ ટકા, રૂ.૪૦ કરોડ સુધી, અન્ય પ્રવૃત્તિઓ અને અપગ્રેડેશનનાં કામો માટે ૬૦ ટકા રૂ. ૪૦ કરોડ સુધી, પાર્ક્સ/એસ્ટેટમાં ગ્રીન ઈન્ફ્રા માટે રૂ. ૨૫ કરોડ સુધી વધારાના ૩૫ ટકા સુધી પ્રોત્સાહનનો નવી નીતિમાં સમાવેશ થાય છે.

## ૨૦ વર્ષમાં ગુજરાતના GDPમાં ૨૦ ગણો વધારો

છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતનો GDP ૨૦ ગણો વધ્યો છે, જે વિકાસની વધતી ગતિ દર્શાવે છે. આ સતત વૃદ્ધિ લાંબા ગાળાના સ્પષ્ટ વિઝન, સ્થિર શાસન અને રોકાણકારોને અનુકૂળ અભિગમ પર આધારિત ઝડપી અને વ્યાપક ઔદ્યોગિક વિકાસનું પ્રતિબિંબ છે. ગુજરાતનો GDP વધીને આશરે ૩૨૯.૭૦ બિલિયન ડોલર થયો છે. દેશના GDPમાં ગુજરાતનો ફાળો ૨૦ વર્ષ પહેલાં ૬.૨ ટકા હતો, જે વધીને ૮.૨ ટકા થયો છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં તેને ૧૦ ટકા સુધી લઈ જવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે. આ ઉપરાંત ભારતના કુલ મૅન્યુફેક્ચરિંગ આઉટ-પુટમાં ગુજરાત ૧૮ ટકા અને નિકાસમાં ૨૫ ટકા હિસ્સો ધરાવે છે. લૉજિસ્ટિક્સ ખર્ચ ઘટાડીને 'સ્પીડ ઑફ ડુઈંગ બિઝનેસ' વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને ગુજરાત વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા મક્કમ ગતિએ આગળ વધી રહ્યું છે.

## 'યૂઝ યોર ઈન્સેન્ટિવ્સ' - ઉદ્યોગો માટે સમર્પિત પ્રોત્સાહન પૅકેજ

ગુજરાત સરકારે સૌપ્રથમ વખત રોકાણકાર-ફ્રૅન્ડલી ફ્રેમવર્ક રજૂ કર્યું છે, જે ફ્લેક્સિબલ, પારદર્શક અને ઝડપી છે. તે ઉદ્યોગોને મૂડી માટે સબસિડી, વ્યાજ સબસિડી અથવા પાવર ટેરિફ રિઈમ્બર્સમેન્ટના કસ્ટમાઈઝ્ડ સંયોજનને પસંદ કરવાની સવલત આપે છે. નવીન અભિગમ રોકાણોને વેગ આપશે, નિશ્ચિતતા વધારશે તથા વેપારમાં સરળતા અને ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા માટે નવો માપદંડ સ્થાપિત કરશે.

## MSME માટે સોનેરી તક

વિવિધ MSME ગુજરાતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે, ગુજરાતમાં ૪૨ લાખથી વધુ MSME નવીનતા, રોજગાર અને પાયાના વિકાસને આગળ ધપાવે છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)નો હિસ્સો અત્યંત મહત્ત્વપૂર્ણ રહ્યો છે. નવી નીતિમાં MSME માટે અનેક આકર્ષક પ્રોત્સાહનો આપવામાં આવ્યાં છે. મૂડીસહાય, વ્યાજસહાય અને વીજદર રાહત જેવી યોજનાઓ MSME એકમોને વધુ સ્પર્ધાત્મક બનાવશે. રાજ્ય સરકારે કેન્દ્ર સરકારના તાજેતરના સુધારાઓને અનુરૂપ MSMEની વ્યાખ્યામાં પણ ફેરફાર કર્યો છે, જેથી વધુ ઉદ્યોગો સરકારી સહાય અને પ્રોત્સાહનોનો લાભ મેળવી શકે. MSME ક્ષેત્ર માત્ર ઉત્પાદન પૂરતું મર્યાદિત નથી. રોજગાર સર્જન, સ્થાનિક અર્થતંત્રને ગતિ આપવી અને નિકાસમાં વધારો કરવામાં MSMEની ભૂમિકા નિર્ણાયક છે. MSME મોટા, મેગા અને અલ્ટ્રા-મેગા એકમો તાલુકા કૅટેગરી પર આધારિત પ્રોત્સાહનો તરીકે ૪૫ ટકાથી ૫૦ ટકા રોકાણ મેળવી શકે છે.





## આંતરરાષ્ટ્રીય બજારો પર નજર

ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ પણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ, લોકલ ટુ ગ્લોબલ' વિચારને પ્રોત્સાહન આપે છે અને સ્થાનિક શક્તિઓ અને ક્ષમતાઓના આધારે વૈશ્વિક સ્તરે ઉત્પાદનો વિકસાવવા ઉદ્યોગોને સશક્ત બનાવે છે. આ નીતિનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ગુજરાતના ઉદ્યોગો માત્ર સ્થાનિક માંગ જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારોમાં પસંદગીના સપ્લાયર તરીકે પણ ઊભરી આવે, જેનાથી ભારતની નિકાસ સ્પર્ધાત્મકતા અને વ્યૂહાત્મક આર્થિક પ્રભાવમાં પણ વધારો થાય.

આ નીતિની જાહેરાતના પ્રસંગે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી ડૉ. જયરામ ગામીત, મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, નાણાવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન, ઉદ્યોગ વિભાગનાં અધિક મુખ્યસચિવ શ્રીમતી મમતા વર્મા તથા મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ રાજ્ય સરકારનું એક દૂરદર્શી પગલું છે, જે 'આત્મનિર્ભર ભારત', 'સ્વદેશી' અને 'વિકસિત ભારત @૨૦૪૭' જેવા રાષ્ટ્રીય વિઝનને સાકાર કરવામાં મહત્ત્વનું સાબિત થશે. આ નીતિ દ્વારા ગુજરાત ભારતના વિકાસ-પ્રવાસમાં પોતાની આગવી ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે અને ૨૦૪૭ સુધી સમૃદ્ધ, આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ નીતિ દ્વારા એડવાન્સ્ડ મૅન્યુફેક્ચરિંગ, રિસર્ચ અને ડેવલપમેન્ટ, સાતત્યપૂર્ણ વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉદ્યોગો વૃદ્ધિ પામી શકે, નવીનતા લાવી શકે અને વૈશ્વિક મૂલ્ય-શ્રેણીઓ સાથે જોડાઈ શકે તેવું વાતાવરણ આ નીતિ ઊભું કરશે.

## મેગા અને અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન

વૈશ્વિક સ્તરે મોટા રોકાણકારોને આકર્ષવા માટે ગુજરાત સરકારે 'મેગા' અને 'અલ્ટ્રા મેગા' ઉદ્યોગોની નવી શ્રેણી રજૂ કરી છે. મોટા પાયે મૂડીરોકાણ કરતી કંપનીઓને તેમની જરૂરિયાત મુજબ કસ્ટમાઈઝ્ડ પ્રોત્સાહક પૅકેજ આપવામાં આવશે. ખાસ કરીને ઑટોમોબાઈલ, સેમિકન્ડક્ટર, કેમિકલ્સ, ડિફેન્સ મૅન્યુફેક્ચરિંગ અને હાઈ-ટેક મૅન્યુફેક્ચરિંગ ક્ષેત્રના રોકાણકારોને આકર્ષવા માટે આ પગલું પ્રોત્સાહક નીવડશે.

# કૅબિનેટ બેઠકમાં નવી 'ઇન્ડસ્ટ્રીઝ પૉલિસી' નિમિત્તે અભિનંદન



ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજય મંત્રીમંડળની બેઠક મળી હતી. તેમાં લેવાયેલા જનહિતલક્ષી નિર્ણયો અંગે મીડિયાને વિગતો આપતાં પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સરકારે શાળા પ્રવેશોત્સવ, ચોમાસા દરમિયાન આપત્તિ-વ્યવસ્થાપનથી લઈને ઉદ્યોગ અને કર્મચારી કલ્યાણક્ષેત્રે અનેક મહત્ત્વના નિર્ણયો લીધા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વહીવટીતંત્રને સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક રહેવા આદેશ આપ્યા છે. દરેક જિલ્લામાં ચોવીસ કલાક કાર્યરત કંટ્રોલરૂમ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. ચોમાસા દરમિયાન પર્યાવરણની જાળવણી અને ગ્રીનકવર વધારવા માટે મહત્તમ વૃક્ષારોપણ કરવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો.

રાજ્ય સરકારે જાહેર કરેલી નવી 'ઇન્ડસ્ટ્રીઝ પૉલિસી' (ઉદ્યોગનીતિ) ને મંત્રીમંડળે બિરદાવીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીને અભિનંદન પાઠવ્યાં હતાં. આ નીતિથી રાજયના નાના-મોટા ઉદ્યોગકારો અને એક્સટેન્શન કરતા ઉદ્યોગોને મોટું પ્રોત્સાહન મળશે. મુખ્યમંત્રીશ્રીએ આ નીતિના પ્રમોશન અને ઉદ્યોગકારોની જરૂરિયાતોને સમજીને તેને પૂરી કરવા સૂચના આપી હતી. નીતિઆયોગની બેઠકમાં વડાપ્રધાનશ્રી દ્વારા આપવામાં આવેલાં રાષ્ટ્રહિતનાં સૂચનોનો અમલ કરવા પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી હતી. સ્થાનિક ઉદ્યોગો અને ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ આપવા માટે 'વોકલ ફોર લોકલ' અભિયાનને વેગ આપી ગુજરાતને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ કૅબિનેટમાં દોહરાવાયો હતો.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, પાણી બચાવવા અને સ્વચ્છતાને પ્રત્યેક નાગરિક પોતાની રોજિંદી જીવનશૈલીનો ભાગ બનાવે તે માટે વ્યાપક સ્તરે જનજાગૃતિના કાર્યો અને કાર્યક્રમો કરવા બાબતે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વહીવટી તંત્રને વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## વનવાસી વિસ્તારમાં વિસ્તરતી વિકાસની ક્ષિતિજો

# રાજ્યમાં પ્રથમ વાર ૫૧ ટુ-વ્હીલર મોબાઇલ હેલ્થ યુનિટનો આરંભ



શરીરને રોગમુક્ત, નિરામય અને કસાયેલું રાખવાથી વ્યક્તિ માટે પ્રગતિનાં સોપાન એક પછી એક સર કરવાં સહજ રહે છે. ઉત્તમ સ્વાસ્થ્ય માત્ર રોગોની ગેરહાજરી જ નહીં, પરંતુ તે ઉપરાંત શારીરિક, માનસિક અને સામાજિક રીતે સમૃદ્ધિની નિશાની છે. સ્વસ્થ વ્યક્તિ પોતાની ક્ષમતાઓનો પૂર્ણ ઉપયોગ કરી શકે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હૉલિસ્ટિક હેલ્થકૅરના અભિગમને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં આરોગ્ય મંદિરો, પ્રાથમિક અને પેટા આરોગ્યકેન્દ્રો દ્વારા ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારો સુધી આરોગ્યલક્ષી આંતરમાળખાકીય સવલતોનું મજબૂત માળખું લોકોની સેવામાં કાર્યરત છે.

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આદિજાતિ અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ તેમના ઘરઆંગણે સમયસર મળી રહે તે માટે વધુ એક મહત્ત્વપૂર્ણ પહેલ હાથ ધરી છે. ગુજરાતના દુર્ગમ અને આદિજાતિ વિસ્તારોમાં છેવાડાના માનવી સુધી આરોગ્યસેવાઓની પહોંચ વધુ સરળ અને ઝડપી બનાવવા રાજ્યમાં પ્રથમ વાર ૫૧ ટુ-વ્હીલર મોબાઇલ હેલ્થ યુનિટનો પ્રારંભ કરવામાં આવ્યો. આ સંદર્ભે ગાંધીનગરમાં યોજાયેલા આરોગ્યલક્ષી કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૫૧ ટુ-વ્હીલર મોબાઇલ હેલ્થ યુનિટ અને ૯ નવા મોબાઇલ હેલ્થ વાન યુનિટને ફ્લૅગ-ઑફ કરાવીને ૧૪ જિલ્લાઓમાં આરોગ્યસેવાઓ માટે પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ નવી સેવાઓનો મુખ્ય હેતુ રાજ્યના દુર્ગમ, અંતરિયાળ વિસ્તારોમાં રહેતા નાગરિકોને સમયસર અને સરળતાથી પ્રાથમિક આરોગ્યસેવાઓની પહોંચ સુનિશ્ચિત કરાવવાનો છે. જ્યાં ફોર-વ્હીલર વાહનો આરોગ્યસેવા માટે ન પહોંચી શકે તેવા દુર્ગમ-અંતરિયાળ વિસ્તારોમાં આપાતકાલીન કે જરૂરિયાતના સમયે આરોગ્યસેવાઓ પહોંચાડવા માટે આ નવતર પહેલની શરૂઆત કરવામાં આવી છે. આ યુનિટમાં જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવારનાં તબીબી સાધનો ધરાવતા બૉક્સની સુવિધાઓ હશે. ડિજિટલ બી.પી. મશીન, સ્ટેથોસ્કોપ, ક્લિનિકલ થરમૉમીટર સહિતનાં તબીબી સાધનો અને ઉપકરણોની સુવિધા ધરાવતા આ મોબાઇલ હેલ્થ યુનિટમાં પ્રિવેન્ટિવ આરોગ્યસેવાઓને ડિજિટલ ડેટા એન્ટ્રી અને સીએમ ડૅશબોર્ડ સાથે સંકલિત કરવામાં આવી છે.

આ નવી સેવાઓથી આદિજાતિઓમાં માતા અને બાળ-મૃત્યુદરમાં ઘટાડો તેમજ તેમના સર્વાંગીણ આરોગ્યમાં સુધારો થશે. આ પહેલથી સમયસર નિદાન અને સારવાર તથા એક્સપર્ટ ટ્રીટમેન્ટ માટે ઝડપી રેફરલ સેવાઓ પણ ઉપલબ્ધ થશે. બ્લડપ્રેશર, હિમોગ્લોબિન, બ્લડશુગર, મૅલેરિયા અને પેશાબ સંબંધિત પ્રાથમિક તપાસો ગ્રામીણ સ્તરે જ થઈ શકશે. રોગોની વહેલી ઓળખ અને સમયસર સારવાર શક્ય બનશે. કિશોરીઓ અને મહિલાઓની વિશેષ કાળજી માટે એનિમિયા, પોષણ, કિશોર-આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંબંધિત માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ યુનિટ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સંબંધિત યોજનાઓની માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર (IEC), તબીબી અધિકારીઓ દ્વારા નિયત રિપોર્ટિંગ અને તાલુકા, જિલ્લા તેમજ રાજ્યસ્તરેથી જીપીએસ આધારિત મૉનિટરિંગની કામગીરી સ્થાનિક સ્તરેથી જ કરી શકાશે.



# ભરૂચમાં અત્યાધુનિક CPVC રેઝિન પ્લાન્ટનું લોકાર્પણ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચના વિલાયત ખાતે લુબ્રિઝોલ કૉર્પોરેશન અને ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા સ્થપાયેલા અત્યાધુનિક CPVC રેઝિન ઉત્પાદન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું.

ભરૂચમાં સ્થપાયેલો રેઝિન-ઉત્પાદન પ્લાન્ટ ભારતમાં CPVCના ઉત્પાદન માટે સૌથી વધુ સ્કેલેબલ અને સંકલિત ઉત્પાદન વ્યવસ્થાઓમાંની એક નવી વ્યવસ્થા બનવા જઈ રહ્યો છે, જે ઉચ્ચ ગુણવત્તાવાળા પ્લમ્બિંગ અને પાઈપિંગ સોલ્યુશન્સક્ષેત્રે મજબૂત નેતૃત્વ પૂરું પાડશે. CPVCનું પૂરું નામ ક્લોરિનેટેડ પોલીવિનાઈલ ક્લોરાઈડ છે. આ પ્લાન્ટ દ્વારા સ્થાનિક સ્તરે ઉચ્ચ ગુણવત્તાવાળા CPVC રેઝિન અને કમ્પાઉન્ડ્સનું ઉત્પાદન થશે, જેનો ઉપયોગ રહેણાક, વાણિજ્યિક તથા ઔદ્યોગિક ક્ષેત્રોમાં પાઈપ અને ફિટિંગ્સના ક્ષેત્રના વિકાસમાં થશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે હંમેશાં વિકાસલક્ષી નીતિઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ અભિગમ દ્વારા રોકાણકારોનો વિશ્વાસ જીત્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટના માધ્યમથી રાજ્યે વિકાસનાં નવાં દ્વાર ખોલ્યાં હતાં. રાજ્યના સુદૃઢ આયોજન અને પ્રગતિશીલ નીતિઓના પરિણામે વિશ્વસનીય પૉલિસી-ડ્રિવન સ્ટેટ તરીકે ગુજરાતની ઓળખ બની છે. આ CPVC રેઝિન પ્લાન્ટ વિકાસને નવી દિશા આપશે. દેશના કેમિકલ ક્ષેત્રમાં ગુજરાત આશરે ૩૩ ટકા જેટલી ભાગીદારી ધરાવે છે અને આવા નવા ઉદ્યોગો રાજ્યની ઔદ્યોગિક શક્તિને વધુ મજબૂત બનાવશે. નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ આ દિશામાં રાજ્યના નવા અધ્યાયનો ઉમેરો કરશે.

# વર્લ્ડ ઍથ્લેટિક્સ ડેલિગેશન ગુજરાતની મુલાકાતે



ગુજરાત સરકાર રમત-ગમત ક્ષેત્રે રાજ્યને અગ્રિમ રાખવા તમામ પ્રયાસો કરવા સંકલ્પબદ્ધ છે. ગુજરાત જ્યારે વૈશ્વિક સ્તરના રમતોત્સવની યજમાની માટે સજ્જ બની રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૃષ્ટિવંત નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના ઉત્સાહ સાથે રાજ્ય સરકાર સતત ઉત્તમથી સર્વોત્તમની દિશામાં પ્રગતિ કરી રહી છે.

ઍથ્લેટિક્સની આંતરરાષ્ટ્રીય સંચાલક સંસ્થા વર્લ્ડ ઍથ્લેટિક્સનું પાંચ સભ્યોનું ડેલિગેશન બીડ ઇવૅલ્યૂએશન પૅનલના ચેરમૅન શ્રી ઍન્ટી ફિલ્હાકોસ્કીના નેતૃત્વમાં ગુજરાતની મુલાકાતે આવ્યું હતું. વર્ષ ૨૦૨૮માં 'વર્લ્ડ ઍથ્લેટિક્સ અંડર-20 ચૅમ્પિયનશિપ' તથા 'વર્લ્ડ ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ-2031'ની સંભવિત યજમાની ગુજરાત કરવાનું છે. વર્લ્ડ ઍથ્લેટિક્સ ડેલિગેશન આ પ્રસ્તાવિત રમતોત્સવોના સંદર્ભમાં ગુજરાતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભ્યાસ-નિરીક્ષણ માટે ગુજરાત આવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે ગાંધીનગરમાં બેઠક બાદ ડેલિગેશને પ્રવાસ શરૂ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નિરીક્ષણ-મુલાકાતથી ડેલિગેશનને ગુજરાતની સજ્જતા અને સ્પોર્ટ્સ કલ્ચરની પ્રત્યક્ષ અનુભૂતિ થશે. ગુજરાત સરકાર ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ-2031ની યજમાની માટે આશાવાદી છે અને આ રમતોના સફળ આયોજનની તૈયારીઓ વેગવંતી બનાવી છે. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, 'વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઈમ્સ' તથા 'કોમનવેલ્થ ગેઈમ્સ-2030' સહિત વર્લ્ડક્લાસ સ્પોર્ટ્સના આયોજન માટે ગુજરાત સંપૂર્ણ સજ્જ છે.

# ગિફ્ટ સિટી ખાતે હેક્સાવેર ટેક્નોલૉજીના નવા કેન્દ્રનું ઉદ્ઘાટન



ગુજરાત યુવાનોને રોજગારી આપવામાં અગ્રિમ રહ્યું છે. પારંપરિક કલાથી લઈને અદ્યતન ટેક્નોલૉજીના વિકાસથી યુવા સશક્તીકરણ ગુજરાતની પ્રાથમિકતા રહ્યું છે. આ જ વિકાસયાત્રાને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં હેક્સાવેર ટેક્નોલૉજીઝના નવા ડિલિવરી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું. ગિફ્ટ સિટીના પ્રજ્ઞા-II બિલ્ડિંગના ૭મા અને ૮મા માળે શરૂ થયેલું આ અત્યાધુનિક સેન્ટર ગુજરાતની ટેક્નોલૉજી ઇકોસિસ્ટિમ માટે મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન બનશે. આ સેન્ટરના પ્રારંભથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ક્લાઉડ કમ્પ્યૂટિંગ, ડેટા ઍનાલિટિક્સ, ઑટોમેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવાં અદ્યતન ક્ષેત્રોમાં નવી તકોનું સર્જન થશે તેમજ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા યુવાનો માટે રોજગારીનાં દ્વાર ખૂલશે.

હેક્સાવેર ટેક્નોલૉજીઝ વિશ્વની અગ્રણી ડિજિટલ અને ટેક્નોલૉજી સેવાઓ પ્રદાન કરતી કંપનીઓમાંની એક છે. કંપની વૈશ્વિક સ્તરે બૅંકિંગ, નાણાકીય સેવાઓ, આરોગ્ય, વીમા, ઉત્પાદન, રિટેલ, પ્રવાસન અને પરિવહન સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં અદ્યતન ટેક્નોલૉજી આધારિત સૉલ્યુશન પૂરાં પાડે છે. વિશ્વના અનેક દેશોમાં કામગીરી ધરાવતી હેક્સાવેર ટેક્નોલૉજીઝ આગામી ત્રણ વર્ષમાં આશરે ૧,૦૦૦ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા રોજગારનું સર્જન કરવાની ક્ષમતા ધરાવે છે.

# GNFCનો સુવર્ણ જયંતી મહોત્સવ યોજાયો



ભરૂચ સ્થિત ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કૅમિકલ્સ લિમિટેડ (GNFC)નાં ૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે ‘૫૦ વર્ષ વિકાસ, નવતર પ્રયોગો અને રાષ્ટ્ર-નિર્માણનાં’ની થીમ હેઠળ સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. GNFCના સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું, જેમાં ‘મિયાવાકી જંગલ’, અત્યાધુનિક નર્મદાનગર કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરની સાથે સ્પેસ સાયન્સમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે અદ્યતન ટૅલિસ્કોપ તથા સંદર્ભ અને સંશોધન માટે સહાયરૂપ આધુનિક પુસ્તકાલયનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને ‘વિકસિત ભારત’ બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને વેગ આપવા માટે GNFC ગ્રીન ટેક્નોલૉજી નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન, ટકાઉ ખેતી અને પુનઃપ્રાપ્ય ઊર્જા તરફ ઝડપથી આગળ વધી રહી છે. ભરૂચ અને દહેજના અત્યાધુનિક કૅમિકલ અને પેટ્રોકૅમિકલ પ્લાન્ટ્સનું વિસ્તરણ થઈ રહ્યું છે ત્યારે દહેજના બોઈલર અને પાવર પ્લાન્ટ, નાઇટ્રિક ઍસિડનો ત્રીજો પ્લાન્ટ અને એમોનિયા એક્સપાન્શન જેવા નવા સ્વદેશી પ્લાન્ટ્સના કારણે ભરૂચ જિલ્લામાં ઉદ્યોગોનો વ્યાપ વધશે અને સ્થાનિક યુવાનો માટે આજીવિકાની નવી તકો ઊભી થશે.

# 'સ્વાગત'માં જન ફરિયાદોનું ત્વરિત નિવારણ




લોકપ્રશ્નોના નિવારણ અર્થે રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમ દાખવીને 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમની શરૂઆત કરી છે, જેનો ઉદ્દેશ યોગ્ય સ્તરે તાકીદે જનપ્રશ્નોને ઉકેલવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂન-૨૦૨૬ના રાજ્ય 'સ્વાગત' કાર્યક્રમમાં આવેલી બધી જ રજૂઆતોમાં જનહિતકારી સંવેદના દાખવીને પ્રો-પીપલ ગવર્નન્સની અનુભૂતિ કરાવવા માટે નાગરિકોના પ્રશ્નોના ઝડપી, પારદર્શક અને સમયબદ્ધ નિરાકરણ માટે સંબંધિત વિભાગો અને જિલ્લા વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપી હતી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જિલ્લાસ્તરના અધિકારીઓએ અરજીઓનો પૂરતો અભ્યાસ કરીને જિલ્લા કક્ષાએ જ નિર્ણય લેવો જોઈએ. જો પ્રશ્ન રાજ્ય સરકારના કાર્યક્ષેત્રનો હોય તો વિલંબ વિના દરખાસ્ત રાજ્ય સરકારને મોકલવી જોઈએ. અરજદારોને લાંબા સમય સુધી નિર્ણયની રાહ જોવી ન પડે તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

જૂન-૨૦૨૬ મહિનાના રાજ્યકક્ષાના 'સ્વાગત' ઓનલાઈન જન-ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૧૨૦થી વધુ અરજદારો પોતાની રજૂઆતો સાથે મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા 'સ્વાગત'માં ૨૨૨૮ અને તાલુકા 'સ્વાગત'માં ૨૮૫૪ સહિત સમગ્રતયા ૫૨૦૦ અરજદારોની રજૂઆતો અંગે સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.

# રાજ્ય સરકાર અને HUDCOનું રૂ. એક લાખ કરોડનું લોંગટર્મ ફાઇનાન્સિંગ



વિકસિત ભારત ૨૦૪૭માં વિકસિત ગુજરાત ૨૦૪૭થી અગ્રેસર રહેવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિઝનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સિદ્ધ કરવાની દિશામાં ગુજરાતે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ (HUDCO) વચ્ચે સ્ટ્રેટેજિક પાર્ટનરશિપથી રાજ્યના વિવિધ માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સ માટે એક લાખ કરોડ રૂપિયાના લોંગટર્મ ફાઈનાન્સિંગ માટેના MoU ગાંધીનગરમાં થયા. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે પર્યાપ્ત ભંડોળ અંગે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકની ફલશ્રુતિરૂપે HUDCO દ્વારા લાંબા ગાળા માટે આ રૂ. એક લાખ કરોડનું ભંડોળ પૂરું પાડવામાં આવશે. આ ભંડોળમાંથી ગુજરાત મેટ્રો રેલના ફેઝ-૨ અને ૩, એક્સપ્રેસ-વે, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ધોલેરા ખાતે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનાં કામોનો સમાવેશ કરાશે. આ ઉપરાંત રાજ્ય સરકારે અન્ય એક MoU IIM-અમદાવાદ સાથે પણ કર્યો, જેના અંતર્ગત વિકસિત ગુજરાત ૨૦૪૭ના વિવિધ પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણ માટે પ્રિ-ફિઝિબિલિટી સ્ટડી, ફિઝિબિલિટી સ્ટડી તેમજ વિગતવાર પ્રોજેક્ટ્સ અહેવાલ અને ઈમ્પેક્ટ એસેસમેન્ટ IIM હાથ ધરશે.

# ગ્રામોદયથી રાષ્ટ્રોદય : આદિજાતિ વિસ્તારોમાં મહાનુભાવોનો પ્રેરણાદાયી 'ગ્રામકલ્યાણ પ્રવાસ'



રાજ્યના છેવાડાના વિસ્તારોના સર્વાંગી ઉત્કર્ષ અને સુશાસનના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવસારી જિલ્લાના ખેરગામ અને ચીખલી તાલુકાનાં આદિજાતિ ગામોનો પ્રેરણાદાયી 'ગ્રામકલ્યાણ' અર્થે બે દિવસીય પ્રવાસ કર્યો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર પરિવહનના ઉપયોગ અને ઉચ્ચ સાદગીના આદર્શને વરેલા બંને મહાનુભાવોએ અમદાવાદથી નવસારી સુધીની મુસાફરી 'વંદે ભારત' ટ્રેનમાં અન્ય પ્રવાસીની જેમ કરી સહ-મુસાફરો સાથે આત્મીય સંવાદ કર્યો હતો. આ સફરમાં ધારાસભ્યશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ સહભાગી બન્યા હતા.

આ પ્રવાસ દરમિયાન વહીવટી પ્રોટોકોલ બાજુ પર મૂકીને બંને ઉચ્ચ મહાનુભાવોએ ખેરગામના પાણીખડક ગામના સામાન્ય આદિવાસી ખેડૂત જિતેન્દ્રભાઈ દેસાઈના લીંપણવાળા ઘરમાં જમીન પર બેસીને, કાંસાની થાળીમાં પરંપરાગત દેશી ભોજન (નાગલી-ચોખાના રોટલા, કઢી-ખીચડી અને શાક) ગ્રહણ કરીને 'સાચી ભવ્યતા સાદગીમાં છે' એ ઉક્તિને ખરા અર્થમાં સાર્થક કરી હતી.

પાણીખડક ગામે યોજાયેલી ભવ્ય રાત્રિસભામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઐતિહાસિક જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાના ૧૫૦મી જયંતી-વર્ષ નિમિત્તે ઉમરગામથી અંબાજી સુધીના આદિજાતિ પટ્ટાના વિકાસ માટે આગામી ૫ વર્ષમાં રૂ. ૨ લાખ કરોડના ખર્ચની 'જનજાતીય કલ્યાણ યોજના' અમલી બનશે. તેમણે ગ્રામજનોની સ્થાનિક સમસ્યાઓ સાંભળીને તેના ત્વરિત નિવારણ માટે સ્થળ પર જ વહીવટીતંત્રને આદેશો આપ્યા હતા. રાત્રિસભામાં રાજ્યપાલશ્રીએ ખેડૂતોને રાસાયણિક ખાતરમુક્ત 'પ્રાકૃતિક ખેતી' અપનાવવા, પશુપાલનમાં આધુનિક ટૅક્નોલૉજીથી સંવર્ધન કરવા અને ભૂગર્ભ જળ વધારવા વરસાદી પાણીના સંગ્રહનું આહ્વાન કર્યું હતું.

આછવણી અને પાણીખડક ગામે આયોજિત સામૂહિક સફાઈ ઝુંબેશમાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ સ્વયં હાથમાં ઝાડુ લઈ શ્રમદાન કર્યું હતું અને સ્વચ્છતાને જીવનશૈલી બનાવવાનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે બે શ્રેષ્ઠ સ્વચ્છતાકર્મીઓનું પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરાયું હતું. પર્યાવરણની જાળવણી માટે 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત બંને મહાનુભાવોએ વડનો છોડ વાવીને આછવણી ગામના ૦.૭૫ હેક્ટરમાં ૨૮ પ્રજાતિનાં ૧૬૦૦ વૃક્ષોના વન નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ માર્મિક શબ્દોમાં જણાવ્યું કે, "વાવેલા વૃક્ષનું જતન ન કરવું અને તેને સુકાવા દેવું એ ભ્રૂણહત્યા સમાન પાપ છે." ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે વનવિભાગ દ્વારા રાજ્યમાં ૫.૫૦ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક છે.





# 'જનકલ્યાણ શિબિર'નું ઐતિહાસિક આયોજન

*વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ સુશાસનનાં ઐતિહાસિક ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર ગુજરાતમાં લોકાભિમુખ કાર્યક્રમોની શૃંખલા યોજાઈ રહી છે. રાજ્ય સરકારનો દૃઢ સંકલ્પ છે કે સામાન્ય અને છેવાડાના માનવીને તમામ સરકારી સહાય અને લોકકલ્યાણની યોજનાઓનો લાભ કોઈ પણ મુશ્કેલી વિના સરળતાથી પોતાના ઘરઆંગણે જ મળી રહે. આ ઉમદા હેતુને ચરિતાર્થ કરવા માટે રાજ્ય મંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યશ્રીઓ દ્વારા અંતરિયાળ ગામડાઓમાં પાયાના સ્તરે 'જનકલ્યાણ શિબિરો' યોજવામાં આવી રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓ અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચે અને વહીવટી તંત્ર દ્વારા લોકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે તે માટે આ શિબિરો અત્યંત અસરકારક માધ્યમ સાબિત થઈ રહી છે. સમગ્ર રાજ્યમાં યોજાયેલી આ શિબિરોની તસવીરી ઝલક...*



મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા
- અમદાવાદ



મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી
- નર્મદા



મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા
- ભુજ



મંત્રી શ્રી રમણભાઈ સોલંકી
- આણંદ



મંત્રી શ્રી રમેશભાઈ કટારા
- દાહોદ



મંત્રી શ્રી રિવાબા જાડેજા
- બોટાદ



મંત્રી શ્રી સંજયસિંહ મહિડા
- નડીયાદ



મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા
- મોરબી



મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા
- દેવભૂમિ દ્વારકા

**રામકથા :** રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત ગાંધીનગરમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના નિવાસસ્થાને ગુજરાત લોકભવનમાં શ્રીરામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં કથાવાચક આચાર્ય શ્રી કુલદીપજી મહારાજે શ્રીરામકથાનું મહત્ત્વ, તેની પૃષ્ઠભૂમિ અને શ્રીરામના આદર્શ વ્યક્તિત્વ પર પ્રકાશ પાડ્યો હતો. રામકથાના આયોજનના અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રામકથાના શ્રવણની તક માણી હતી. આ પ્રસંગે પદાધિકારીઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, લોકભવન પરિવારનાં સભ્યો તથા અન્ય નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને કથાનું રસપાન કર્યું હતું.



**મુલાકાત :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગરની ઐતિહાસિક ધરોહરને સાચવવા માટે પ્રગતિ હેઠળ રહેલા મહત્ત્વાકાંક્ષી હેરિટેજ પ્રિસિંક્ટ ડેવલપમેન્ટ અને ફસાડ રિસ્ટોરેશન પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. રાજ્ય સરકારની 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' હેઠળ પાઇલટ પ્રોજેક્ટ તરીકે અમલી આ કાર્યક્રમ દ્વારા વડનગરની પ્રાચીન ઇમારતો અને શેરીઓને તેના મૂળ વૈભવ સાથે પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે. તેમજ વડનગરમાં અત્યાધુનિક 'સંગીત સંગ્રહાલય'ની મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લઈ નિર્માણકાર્યની સમીક્ષા કરી હતી.



**સંવેદના :** રાજ્યમાં ઊજવાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી મહોત્સવ નિમિત્તે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દાહોદ જિલ્લાના પ્રવાસે હતા. આ પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ 'દૃષ્ટિ નેત્રાલય' તેમજ 'ભગિની સમાજ' બંને સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ બંને સંસ્થાઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસ્થાઓની કામગીરી વિશે વિગતવાર જાણ્યા બાદ સંલગ્ન સંસ્થાઓના લોકો સાથે મુખ્યમંત્રીશ્રીએ બેઠક યોજી હતી, જેમાં સંસ્થાઓની જરૂરિયાતો બાબતે રજૂઆતો સાંભળ્યા બાદ જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.



# સુરત મહાનગરપાલિકાનાં રૂ. ૯૮ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ



સુરત મહાનગરમાં વિવિધ વિકાસ-પ્રકલ્પો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ આકાર લઈ રહ્યા છે. રાજ્ય સરકાર સુરતની વ્યાપારિક પ્રતિષ્ઠા સમાન વિકાસ પ્રકલ્પો તૈયાર કરવા પર ભાર મૂકી રહી છે. તાજેતરમાં જ સુરત મહાનગરપાલિકા દ્વારા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલના હસ્તે અંદાજિત રૂ. ૯૮ કરોડના ખર્ચે થયેલા વિવિધ વિકાસ-પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, બ્રિજ સિટી સુરતમાં ૧૨૫થી વધુ બ્રિજનું નિર્માણ કરીને શહેરની ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો છે. શ્રેણીબદ્ધ બ્રિજ-નિર્માણને કારણે સુરતવાસીઓ પોતાનાં ગંતવ્યસ્થાનો સુધી ઝડપથી પહોંચી શકે છે. અદ્યતન માળખાકીય સુવિધાઓ દ્વારા સુરતવાસીઓનાં કીમતી સમય, ઊર્જા અને નાણાને બચાવવામાં આવી રહ્યાં છે. સુરતના વેપારીઓ અને ઉદ્યોગકારો નવી ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને વિદેશી બજારો સાથે સ્પર્ધા કરી રહ્યા છે. વધુ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ, ઓછો ખર્ચ અને આકર્ષક પૅકેજિંગના કારણે આજે સુરત દેશવિદેશની આર્થિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર બન્યું છે. સુરત શહેર સતત નવીનતા અને માળખાકીય સુવિધાઓ સાથે 'વિકસિત ગુજરાત' અને 'વિકસિત ભારત'ના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

# વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું



ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા દેશમાં રોજગારીની તકો વધારવા અને શ્રમિકોને પ્રોત્સાહિત કરવા માટે શરૂ કરાયેલી 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' હેઠળ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્રોત્સાહક રકમનું વિતરણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર' યોજના હેઠળ ૧૫ લાખ યુવાનોને રૂ.૨૪૦૦ કરોડ ડાઈરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર DBT મારફતે લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સુરતના મહારાજા અગ્રસેન ભવન ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દેશના શ્રમિકો અને યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે કટિબદ્ધ છે. શ્રમિકો દેશના વિકાસનો પાયો છે અને તેમના કલ્યાણ માટે સરકાર આવી અનેક પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી રહી છે, જે રોજગારીનાં નવાં દ્વાર ખોલશે.

કેન્દ્ર સરકાર રોજગાર અને ઉદ્યોગ-સાહસિકતાને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે વિવિધ યોજનાઓ થકી યુવાનો, મહિલાઓ અને નાના ઉદ્યોગકારોને સબસિડી, તાલીમ અને સરળ લોનની સુવિધા ઉપલબ્ધ થઈ છે, જેના પરિણામરૂપે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે.

**ઍવૉર્ડ :** માનવસેવા, સંવેદના અને સામાજિક ઉત્તરદાયિત્વ થકી સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવનારા વિરલ મહાનુભાવોનું સન્માન કરવું એક સાચી રાષ્ટ્રસેવા છે. આ ઉમદા ભાવનાને ચરિતાર્થ કરતા સુરતના સંજીવકુમાર ઑડિટોરિયમ ખાતે 'શ્રી રામકૃષ્ણ નૉલેજ ફાઉન્ડેશન' દ્વારા જાણીતા ચેન્જમેકર્સની ઓળખ કરી તેમને સન્માનિત કરતો 'સંતોકબા માનવરત્ન ઍવૉર્ડ-૨૦૨૬'નો ભવ્ય સમારોહ યોજાયો. આ ગૌરવપૂર્ણ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિ પ્રેરક રહી હતી.



**યુવાસંવાદ :** નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં નૅશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 'NAMO યુવાસંવાદઃ વિકસિત ભારત બ્લૂ પ્રિન્ટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ યુવાનો સાથે સંવાદ સાધીને વિકસિત ભારતના વિઝન અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા દ્વારા લિખિત 'નરેન્દ્ર મોદી એક સર્જક' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.




**લોકાર્પણ :** રાજકોટના જામનગર રોડ પર મહાનગરપાલિકા દ્વારા રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે નવનિર્મિત ૪-લેન રેલવે ફ્લાયઓવર 'સાંઢિયા પુલ'નું નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૬૭૮ મીટર લાંબા આ બ્રિજથી દરરોજ ૫૦ હજાર જેટલા વાહનચાલકોને ટ્રાફિક-સમસ્યામાંથી કાયમી મુક્તિ મળી રહેશે. આ પ્રસંગે મેયર ડૉ. નેહલ શુક્લ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને ઉચ્ચ પદાધિકારીઓ-અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.



# સોલર ક્રાંતિમાં ગુજરાતે રચ્યો નવો વિક્રમ



ગુજરાતે ફરી એક વાર દેશના અગ્રણી નવીનીકરણીય ઊર્જા-રાજ્ય તરીકે પોતાની ઓળખ મજબૂત બનાવી છે. ભારત સરકારના નૂતન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા યોજાયેલી 'PM સૂર્યઘર : મુફ્ત બિજલી યોજના' અંતર્ગત 'Month of Solar - May ૨૦૨૬' પહેલ હેઠળ ગુજરાતે પાંચ રાષ્ટ્રીય પુરસ્કારો મેળવી Category-B રાજ્યોમાં દેશવ્યાપી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા સાથે સોલર ક્રાંતિમાં નવો કીર્તિમાન રચી દીધો છે.

**'PM સૂર્યઘર :** મુફ્ત બિજલી યોજના'નાં બે વર્ષ પૂર્ણ થવા નિમિત્તે નવી દિલ્હીના અટલ અક્ષય ઊર્જા ભવન ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સમારોહમાં કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહ્લાદ જોશીના હસ્તે આ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય તરફથી GUVNLના મૅનેજિંગ ડિરેક્ટર શાલિની અગ્રવાલ દ્વારા આ પુરસ્કારો સ્વીકારવામાં આવ્યા હતા.

'Ministry of New and Renewable Energy of India દ્વારા ૧ મે ૨૦૨૬થી ૩૧ મે ૨૦૨૬ દરમિયાન યોજાયેલા 'મંથ ઓફ સોલાર - મે ૨૦૨૬' અભિયાન દરમિયાન ગુજરાતમાં ૩,૦૬,૨૩૦ ગ્રાહક-અરજીઓ પ્રાપ્ત થઈ. ૩૫,૩૧૧ રૂફટોપ સોલાર સ્થાપનો કાર્યાન્વિત થયાં, ૪૨,૫૫૪ ડિસ્કોમ નિરીક્ષણો પૂર્ણ કરવામાં આવ્યાં તથા ૨૧૦ નવા વેન્ડરોની નોંધણી થઈ. આ કામગીરીના આધારે ગુજરાતે કૅટેગરી-બી રાજ્યોમાં તમામ ચાર કામગીરી-આધારિત શ્રેણીઓમાં દેશભરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. PM સૂર્યઘર યોજના હેઠળ ગુજરાતે નૅશનલ પોર્ટલ પર ૧૦.૬૬ લાખથી વધુ ગ્રાહક-અરજીઓ તથા ૬.૮૧ લાખ રૂફટોપ સોલર સ્થાપનાઓ હાંસલ કરી છે.




# 'ગરવી ગુર્જરી': વારસાને બજાર અને કારીગરોને આત્મવિશ્વાસ

'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સર કરતી ગુજરાત સરકાર પરંપરાગત કલાઓને નવી ઓળખ, વિશાળ બજાર અને આર્થિક શક્તિ આપવા સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં ગુજરાત રાજ્ય હાથસાળ તથા હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ સંચાલિત 'ગરવી ગુર્જરી' આજે રાજ્યની કલા અને કારીગરોની સફળતાનું સશક્ત પ્રતીક બની છે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન 'ગરવી ગુર્જરી'એ તેના ૫૩ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત રૂ. ૪૩.૦૭ કરોડનું વેચાણ નોંધાવીને નવો ઇતિહાસ રચ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં કુલ રૂ. ૧૨૩.૮૮ કરોડથી વધુનું વેચાણ નોંધાયું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આશરે ૮ હજાર કારીગરો પાસેથી રૂ. ૧૬.૦૧ કરોડનાં ઉત્પાદનોની



ખરીદી કરીને તેમને સીધું આર્થિક પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે. રાજ્ય તથા રાજ્ય બહારનાં ૨૨ એમ્પોરિયમો દ્વારા રૂ. ૨૦.૭૭ કરોડનું વેચાણ થયું, જ્યારે દેશ-વિદેશમાં યોજાયેલાં મેળા અને પ્રદર્શનો દ્વારા રૂ. ૨૨.૩૦ કરોડનું વેચાણ નોંધાયું છે.

આજે ધર્મિષ્ઠાબહેન ચુડાસમા જેવા ઘણા કારીગર ગરવી ગુર્જરીનાં મેળા અને પ્રદર્શનોના કારણે તેમનાં ઉત્પાદનોનું દેશ-વિદેશમાં વેચાણ કરી રહ્યાં છે. એટલું જ નહિ, કસ્ટમાઈઝ્ડ ઑર્ડર મળતાં પરિવારની આર્થિક સ્થિતિમાં સુધારો પણ થયો છે.

## ગઢડા ખાતે વિકાસલક્ષી કાર્યક્રમોની હેલી

બોટાદ જિલ્લાના ગઢડા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ૧૨ વર્ષની સેવાની ઉજવણીના ભાગરૂપે વિવિધ વિકાસલક્ષી તથા જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રીશ્રી નિમુબહેન બાંભણિયાની અધ્યક્ષતામાં રૂ. ૫૨ લાખના ખર્ચે તૈયાર કરાયેલા મીની ફાયર ટૅન્કરનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ મીની ફાયર ટૅન્કર નગરની સાંકડી ગલીઓ તથા આંતરિક વિસ્તારોમાં



સરળતાથી પહોંચી શકશે, જેના કારણે આગ જેવી આપત્તિની સ્થિતિમાં ઝડપી અને અસરકારક કામગીરી શક્ય બનશે. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશનની ભાવનાને આગળ વધારતાં નવા બસસ્ટેશન વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. આ અભિયાનનો મુખ્ય હેતુ જનજાગૃતિ ફેલાવવાનો તથા સ્વચ્છતા પ્રત્યે સામૂહિક જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો હતો. વધુમાં, 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન અંતર્ગત રિલાયન્સ પેટ્રોલપંપ પાછળના વિસ્તારમાં સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૧૦૦થી વધુ છોડનું રોપણ કરવામાં આવ્યું.

અંતમાં ગઢડા એ.પી.એમ.સી. ખાતે ગઢડા ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO) દ્વારા પ્રમાણિત બીજ-વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. નૅશનલ મિશન ઓન એડિબલ ઓઈલસીડ (NMEO) યોજના અંતર્ગત ખેડૂતોને ગુણવત્તાયુક્ત બિયારણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુલ ૫૯૮ ખેડૂતોને ૫૯૦ ક્વિન્ટલ જીજી-૩૫ જાતનું પ્રમાણિત મગફળી-બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત આશરે ૬૦૦ ખેડૂતોને મંજૂરીપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

## 'વિકસિત પોરબંદર'ના સંકલ્પને મળી નવી ગતિ

પોરબંદરમાં વિકાસલક્ષી વિવિધ કાર્યક્રમો અને પ્રકલ્પોને નવી ગતિ આપતા અનેક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો યોજાયા હતા. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના અધ્યક્ષસ્થાને 'વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટ' સફળતાપૂર્વક યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત' સંકલ્પને સાકાર કરવામાં પોરબંદર ફર્નિચર પાર્ક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.




રાજયનાં બંદરોની કાર્ગો-ક્ષમતા વધારવાના ઉદ્દેશ-હેતુ સાથે પોરબંદરમાં શિપ બિલ્ડિંગ ક્લસ્ટર અને ફર્નિચર પાર્ક વિકસાવવાની દિશામાં કામગીરી ચાલી રહી છે. ડિઝાઈનિંગ, સ્કિલિંગ સેન્ટર અને અન્ય જરૂરી સુવિધાઓ એક જ છત્ર હેઠળ ઉપલબ્ધ થશે. આ પ્રસંગે બ્રિટિશ ડેપ્યુટી હાઇ કમિશનર સ્ટીવ હિકલીંગે પોરબંદરને 'ગ્લોબલ ફર્નિચર હબ' તરીકે વિકસાવવાના પ્રયાસોને અભિનંદન પાઠવ્યાં હતાં.

ત્યાર બાદ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા તથા વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આયાતી લાકડાના પરિવહન, જેટી સુવિધા, માર્ગ-રેલ કનેક્ટિવિટી અને લૉજિસ્ટિક્સ માળખાની સમીક્ષા કરવામાં આવી હતી.

વધુમાં, પોરબંદર મહાનગરપાલિકા દ્વારા રૂ. ૭૬.૬૨ લાખના ખર્ચે આધુનિકીકરણ પામેલા 'અટલ ઉદ્યાન'નું લોકાર્પણ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. અહીં બાળકો માટે પ્લે એરિયા, નાગરિકો માટે ઓપન જિમ તેમજ હરિયાળું પર્યાવરણ વિકસાવવામાં આવ્યું છે.

ઉપરાંત, જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજ ખાતે યોજાયેલા 'વિકસિત ભારત યુવા કનેક્ટ' કાર્યક્રમમાં મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણમાં યુવાશક્તિની મહત્ત્વની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો. તથા યુવાશક્તિનાં ઉત્સાહ, દીર્ઘદૃષ્ટિ અને સર્જનાત્મકતાની પ્રશંસા કરી હતી.



**શિબિર :** આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી. બરંડાના અધ્યક્ષસ્થાને મહીસાગરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ૧૨ વર્ષના સફળ અને યશસ્વી શાસનનાં સંદર્ભે જનકલ્યાણ શિબિર તથા નિઃશુલ્ક દિવ્યાંગજન સહાયક સાધન-વિતરણનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મહીસાગર જિલ્લાના ૫૮૮ દિવ્યાંગ લાભાર્થીઓને તેમની જરૂરિયાત મુજબ કુલ ૭૮૮ સહાયક સાધન-કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું, જે તેમને વધુ સ્વાવલંબી બનાવવાની દિશામાં મહત્ત્વનું પગલું સાબિત થશે.



**જનકલ્યાણ :** સુરેન્દ્રનગર શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી દર્શનાબહેન વાઘેલાના અધ્યક્ષસ્થાને નાયબ દંડક શ્રી જગદીશભાઈ મકવાની ઉપસ્થિતિમાં 'જનકલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર ખરા અર્થમાં 'સરકાર તમારા દ્વારે'ના અભિગમનું જીવંત ઉદાહરણ બની હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ સરકારી યોજનાઓના લાભો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા હતા.

**સ્પર્ધા :** અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે સ્વિમિંગ ફેડરેશન ઑફ ઇન્ડિયા (SFI) દ્વારા '૭૯મી સિનિયર નૅશનલ ઍક્વેટિક ચૅમ્પિયનશિપ-૨૦૨૬'માં દેશના ૩૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તેમજ વિવિધ સ્પોર્ટ્સ પ્રમોશન ઑર્ગેનાઇઝેશનના કુલ ૩૭૦ ટોચના તરણવીરોએ ૪૨ ઇવેન્ટ્સમા ભાગ લીધો. ઉદ્ઘાટન પ્રસંગે રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીત સહિત અન્ય મહાનુભાવો અને ખેલાડીઓ સહિત રમતપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.







**સંકલ્પ:** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે વડોદરા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ અને પ્રબુદ્ધ નાગરિક સંમેલન' નાણા અને પોલીસ હાઉસિંગ રાજ્યમંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. વડાપ્રધાનશ્રીએ દિવસ-રાત પ્રજાકલ્યાણનું કામ કર્યું છે, જેની ફલશ્રુતિ આજે વિકાસની નવી વ્યાખ્યા બની છે, તેમ મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું.



**MoU :** વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સ અંતર્ગત પાણી પુરવઠા અને જળસંપત્તિ રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં રાજપીપળા જિલ્લામાં રોકાણ, રોજગાર અને ઔદ્યોગિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ એવા રૂપિયા ૯.૯૮ કરોડના ચાર MoU કરવામાં આવ્યા હતા. આ MoU જિલ્લાના યુવાનો માટે નવી રોજગારી, સ્થાનિક અર્થતંત્રમાં વૃદ્ધિ, ઉદ્યોગ-સાહસિકતાના વિકાસ અને આત્મનિર્ભર નર્મદાની દિશામાં મહત્ત્વપૂર્ણ કદમ છે.



**લોકાર્પણ:** ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડિયા તાલુકાના ભુખલી સાથળી ગામે રૂ. ૪૯.૫૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા ચેકડેમ અને કૉઝ-વેનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે મંત્રીશ્રીએ સ્માર્ટ વિલેજ મોટા ઊજળા ગામે રૂ. ૨૪ લાખના ખર્ચે નિર્માણ પામેલા નવીન આંગણવાડી ભવનનું ખાતમુહૂર્ત કર્યું હતું.



**પોર્ટલ:** 'માનવકલ્યાણ યોજના' અંતર્ગત ગાંધીનગર ખાતેથી 'ઈ-કુટીર પૉર્ટલ' કુટીર ઉદ્યોગ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના હસ્તે તેમજ કુટીર ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરની પ્રેરક ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકવામાં આવ્યું. આ નવી વ્યવસ્થા લાભાર્થીઓની અનેકવિધ સેવાઓ આપશે.



**પ્રદર્શન :** ભુજ ખાતે શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયા તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં 'સમયથી સિદ્ધિ નૂતન ભારતની સફર - ભારત 3.0 પરિવર્તન દાયકા'ની થીમ હેઠળ પ્રદર્શનને ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોએ યુવાઓ માટે યોજાયેલી ચિત્રસ્પર્ધાને નિહાળી લાઇવ ચિત્ર કરતા કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.



**વિકાસકાર્ય :** આણંદ જિલ્લાના બોરસદ તાલુકા-મથકે ગ્રામીણ સ્તરે આરોગ્ય સુવિધાઓનો વ્યાપ વધારવાના ઉદ્દેશ સાથે નવનિર્મિત 'પ્રાથમિક આરોગ્યકેન્દ્ર' તથા 'આયુષ્માન આરોગ્ય મંદિર'ના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. આ નવનિર્મિત આરોગ્યકેન્દ્રો થકી ગ્રામજનોને પાયાની તમામ સેવાઓ ઘરઆંગણે જ મળી રહેશે.



**ભૂમિપૂજન :** મહેસૂલ અને આપત્તિ-વ્યવસ્થાપન રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ મહુધા ખાતે નાની ખડોલ ગામે નવીન પંચાયત ભવનનું ભૂમિપૂજન કર્યું હતું. પંચાયત ભવન થકી લોકોને સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ અને સેવાઓનો લાભ મળશે. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ એક લાભાર્થીને પશુ-મૃત્યુ સહાય અંતર્ગત રૂ. ૩૭,૫૦૦નો ચેક પણ સુપરત કર્યો હતો.

***રાજ્ય સરકારે નાગરિકોને ગુણવત્તાયુક્ત જીવન આપવા 'મિનિમમ ગવર્નમેન્ટ, મૅક્સિમમ ગવર્નન્સ'ના મંત્ર સાથે લોકોની સુખાકારીને પ્રાથમિકતા આપી છે. આ સુશાસન માટે ગુજરાત સરકાર વિવિધ નિર્ણયોના માધ્યમથી રાજ્યનાં યુવાનો, આબાલવૃદ્ધો તેમજ વંચિતોને લાભ પહોંચાડે છે. આ અંકમાં સરકારે ખેડૂતો, યુવાનો APMC કર્મચારીઓ, ઉદ્યોગસાહિસકો અને વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં લીધેલા નિર્ણયો વિશે જાણકારી આપવામાં આવી છે.***

## પૂર્વ અગ્નિવીરોને અનામતનો લાભ અને વય-મર્યાદામાં છૂટછાટ

અગ્નિવીર યોજના ભારતીય સશસ્ત્ર દળોની ત્રણેય પાંખ ભૂમિદળ, નૌકાદળ અને વાયુદળને યુવાનોની ભરતીના માધ્યમથી સશક્ત કરવા માટે ભારત સરકાર દ્વારા જૂન ૨૦૨૨માં શરૂ કરાયેલી એક ટૂંકા ગાળાની સેવાયોજના છે. આ યોજના હેઠળ ભરતી થતા સૈનિકોને 'અગ્નિવીર' કહેવામાં આવે છે. આ યોજના દેશની સુરક્ષાને મજબૂત કરવા અને આપણા યુવાનોને સૈન્યમાં સેવાની તક આપવા માટે શરૂ કરવામાં આવી છે. અગ્નિવીરોની ભરતી ચાર વર્ષના સમયગાળા માટે કરવામાં આવે છે. અરજી માટે ઉમેદવારની ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષની વચ્ચે હોવી જરૂરી છે. અગ્નિવીર યોજના અંતર્ગત જોડાતા યુવાનોની શૈક્ષણિક લાયકાત પદના આધારે ૧૦ પાસ અથવા ૧૨ પાસ નિર્ધારિત કરવામાં આવી છે.

**નિર્ણય :**

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પૂર્વ અગ્નિવીરોને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીમાં ૨૦ ટકા અનામત આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.
- રાજ્ય પોલીસ દળના હથિયારી વિભાગ- એસ.આર.પી., જેલવિભાગ તથા વનવિભાગના વનરક્ષક-વનપાલ વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીમાં ૨૦ ટકા અનામતનો અગ્નિવીરોને લાભ મળી શકશે.
- અગ્નિવીર સૈનિકોને આ અનામતનો લાભ મળી શકે તે માટે શારીરિક કસોટીમાંથી મુક્તિ તેમજ નિયત ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવી છે.
- અગ્નિવીર યોજનાની પ્રથમ બૅચના સભ્યોને નિયત ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષ સુધીની મુક્તિ આપવાના દિશાનિર્દેશો મુખ્યમંત્રીશ્રીએ આપ્યા છે.

**લાભ :** મુખ્યમંત્રીશ્રીએ પૂર્વ અગ્નિવીરો માટે કરેલા આ મહત્ત્વપૂર્ણ નિર્ણયોનો લાભ હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને હથિયારી પોલીસ કૉન્સ્ટેબલ, એસ.આર.પી.ના પ્લાટૂન કમાન્ડર તથા પોલીસ કૉન્સ્ટેબલની ભરતી માટે અરજી કરનાર અગ્નીવીરોને મળવાપાત્ર થશે. આ સાથે જેલવિભાગ હસ્તકની જેલર ગ્રૂપ-૨ અને જેલ-સિપાઈ તથા વન-પર્યાવરણ વિભાગની વનરક્ષક વર્ગ-૩ તેમજ વનપાલ વર્ગ-૩ સંવર્ગોની સીધી ભરતીમાં પણ પૂર્વ અગ્નિવીરોને આ લાભ મળતાં સરકારમાં શિસ્તબદ્ધ ઉમેદવારો જોડાશે.

## વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ ન બગડે તે માટે વિદ્યાર્થીલક્ષી નિર્ણય

**નિર્ણય :** આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના માર્ગદર્શન હેઠળ મહીસાગરના કોયડમની ધન્વંતરિ આયુર્વેદ કૉલેજ અને હૉસ્પિટલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અન્ય માન્યતા પ્રાપ્ત સ્વનિર્ભર સેલ્ફ ફાઈનાન્સ આયુર્વેદ કૉલેજોમાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપવા અંગેની દરખાસ્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. અહીં અભ્યાસ કરતા કુલ ૧૮૮ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ ન બગડે અને તેમનું ભણતર તથા ઈન્ટર્નશિપ નિયમિત રહે તે માટે રાજ્ય સરકારે અગત્યનો નિર્ણય કર્યો છે.

**લાભ :**

- કૉલેજ લાંબા સમયથી બંધ હોવાને કારણે વિદ્યાર્થીઓની હાજરીની ક્ષતિ તેમજ ચોથા વર્ષના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓની ઈન્ટર્નશિપ અંગેના નિર્ણયો ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર દ્વારા લેવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓની કારકિર્દીને કોઈ નુકસાન ન થાય.
- નિયમોના ઉલ્લંઘન બદલ ધન્વંતરિ આયુર્વેદ કૉલેજનું એફિલિએશન રદ કરવાની વહીવટી કાર્યવાહી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવશે.
- આ ૧૮૮ વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી અલગ-અલગ સેલ્ફ-ફાઈનાન્સ કૉલેજોમાં 'સુપરન્યુમરી' બેઠકો મંજૂર કરવામાં આવી છે.

# ગુજરાતમાં ૧૫ ઔદ્યોગિક પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન સહાય મંજૂર

**નિર્ણય :** ગુજરાતને ભારત તેમજ વૈશ્વિક સ્તરે સૌથી આકર્ષક રોકાણસ્થળોમાં સ્થાન અપાવવાના હેતુથી રાજ્યની ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ ગુજરાતમાં સ્થાપના કરાયેલાં પાત્ર ઉદ્યોગગૃહોને નેટ SGST સહાય આપવામાં આવે છે. ગુજરાત સરકારે રાજ્યની ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સ્કીમ અંતર્ગત કુલ રૂ.૧,૫૬૭.૧૮ કરોડના રોકાણ ધરાવતા ૧૫ મોટા ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહન સહાય મંજૂર કરી હતી. આ રોકાણોથી રાજ્યમાં અંદાજે



૧,૨૩૮ રોજગારીની તકોનું સર્જન થવાની અપેક્ષા છે.

મોટા ઉદ્યોગોને ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આપતી સમિતિની નાયબ મુખ્યમંત્રી તથા ઉદ્યોગ મંત્રી શ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં આ મંજૂરીઓ આપવામાં આવી હતી. આ યોજના હેઠળ અત્યાર સુધી રાજ્યમાં કુલ રૂ.૧,૪૮,૩૩૬.૩૫ કરોડનું રોકાણ આકર્ષવામાં આવ્યું છે અને આશરે ૧,૬૫,૦૫૩ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન થયું છે. ઉપરાંત, આ યોજનાએ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) ના વિકાસને પણ વેગ આપ્યો છે, જેના પરિણામે ગુજરાતમાં ઔદ્યોગિક ઈકોસિસ્ટિમનું નિર્માણ થયું છે.

**લાભ :** મોટા પ્રોજેક્ટસને વધુ રોકાણ માટે આકર્ષિત કરી શકાશે. રોજગારીની તકો વધવા સાથે લોકોનું જીવનધોરણ ઊંચું આવશે તેમજ તેમની આવકમાં વધારો થતાં જનસુખાકારી વધશે.

# રાજ્યનાં ૩૦૦ તળાવો અને સૌરાષ્ટ્રના ડેમ ભરવાનો આદેશ

**નિર્ણય :** આફત સામે સજગતાભરી સજ્જતા એ ગુજરાતની ખાસિયત રહી છે. ગાંધીનગરમાં અલ-નીનોના સંભવિત પ્રભાવ સામે રાજ્યની એકંદર સજ્જતાની સમીક્ષા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉચ્ચસ્તરીય બેઠકમાં કરી હતી.

પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્રમાં સૌની યોજનાથી પીવા માટેના પાણીના ડેમમાં સત્વરે પાણી ભરવા આદેશ કર્યો હતો. તેમણે સુજલામ્ સુફલામ્ યોજનાથી ઉત્તર ગુજરાતનાં આશરે ૩૦૦થી વધુ તળાવો ભરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય પણ કર્યો હતો. તે મુજબ અગાઉ નર્મદા પાઈપલાઈનથી ૩ કિલોમીટર નહીં, પરંતુ ૭ કિલોમીટર સુધીના વિસ્તારમાં આવતાં તળાવો નર્મદાનાં પાણીથી ભરવામાં આવશે.



ખરીફ-૨૦૨૬ માટે રાજ્યમાં બિયારણ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કૃષિ વિભાગે અલ-નીનોની સંભવિત પરિસ્થિતિમાં ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવા માટે 'આકસ્મિક પાક-આયોજન' તૈયાર કર્યાં છે. આ ઉપરાંત AI ડ્રિવન 'કૃષિ પ્રગતિ'ના માધ્યમથી ૫૦ લાખથી વધુ ખેડૂતોને સીધા મોબાઈલ પર લાઈવ હવામાન અને કૃષિ-સલાહના SMS મોકલવામાં આવી રહ્યા છે.

સંભવિત અલ-નીનોની સ્થિતિમાં રાજ્ય સરકાર પાસે ૨ વર્ષ સુધી ચાલે એટલો પશુઓના ઘાસચારાનો બફર સ્ટોક ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં કુલ ૮ ખરીફ અલ-નીનો વર્ષ નોંધાયાં છે. ભૂતકાળના ડેટા દર્શાવે છે કે, દરેક અલ-નીનો વર્ષ નબળું નથી હોતું. વર્ષ ૨૦૦૬ અને ૨૦૨૩માં અત્યંત તીવ્ર અલ-નીનો હોવા છતાં ગુજરાતમાં ૧૧૭% વરસાદ નોંધાયો હતો; તેથી, ખેડૂતોએ કે પ્રજાએ ચિંતા કરવાની કે ભ્રામક અફવાઓથી ડરવાની જરૂર નથી.

**લાભ :** રાજ્યના ખેડૂતોને હવામાનની જાણકારી ઉપરાંત કૃષિસલાહ ઘેર બેઠાં મોબાઈલ પર મળશે. તેની સાથેસાથે તળાવો અને ડેમમાં પાણી ભરવાના નિર્ણયને કારણે સિંચાઈની વ્યવસ્થા કરવાની ચિંતા ટળી જશે. ખેડૂતો નિશ્ચિંત મને વિવિધ પાક લેવાનું આયોજન કરી શકશે.

સંકલન : સમાચાર શાખા, ગાંધીનગર

# APMC કર્મચારીઓને બોનસ-ભથ્થાં મંજૂર

**નિર્ણય :** APMCનાં સુદૃઢ વહીવટી અને નાણાકીય હિતોની રક્ષા સાથે તેના કર્મયોગીઓનું કલ્યાણ કરવું એ પણ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (APMC)ના કર્મચારીઓના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ એક અત્યંત સંવેદનશીલ નિર્ણય લીધો છે. તેની જાહેરાત કરતાં મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, હવેથી APMCના કર્મચારીઓને નિયત શરતોને આધીન બોનસ અને રહેમ ભથ્થાં ચૂકવવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત રાજ્ય બજાર સમિતિ કર્મચારી સંઘ-ગાંધીનગર દ્વારા કરાયેલી રજૂઆતો સંદર્ભે મુખ્યમંત્રીશ્રી સાથે કરેલી ઉચ્ચસ્તરીય વિચારણા બાદ આ મંજૂરી આપવામાં આવી છે.

જે APMCનો કુલ મહેકમ ખર્ચ 'બજારના નિયમો' મુજબ ૪૦ ટકાની મર્યાદામાં રહેતો હશે, તેવી તમામ APMC નાણાકીય શિસ્તને ધ્યાને રાખીને પોતાના કર્મચારીઓને મહત્તમ બે પગાર સુધીનું બોનસ અથવા રહેમ ભથ્થું ચૂકવી શકશે.

**લાભ :** રાજ્યની ૨૨૪ APMCના ૩,૦૦૦થી વધુ કર્મયોગીઓ લાભાન્વિત થશે. તેમના આર્થિક સ્તરમાં સુધારો થવા સાથે જીવનધોરણ વધુ ઉન્નત થશે.

# ટેકાના ભાવે બાજરી-મકાઈ-જુવારની ખરીદી-મર્યાદામાં વધારો

**નિર્ણય :** ખેડૂતોને સક્ષમ અને સમૃદ્ધ કરવા રાજ્ય સરકારે ખેડૂતોના વ્યાપક હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી તથા કિસાનસંઘના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી એક ઉચ્ચસ્તરીય બેઠક બાદ બાજરી, મકાઈ અને જુવારની ખેડૂતદીઠ ખરીદી-મર્યાદામાં માતબર વધારો જાહેર કરાયો હતો.

કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, બાજરીની ખરીદી-મર્યાદા અગાઉ જે ૨,૦૦૦ કિલો (૧૦૦ મણ) હતી, તેને વધારીને હવે ૩,૫૦૦ કિલો (૧૭૫ મણ) ખેડૂતદીઠ કરવામાં આવી છે. મકાઈની ખરીદી-મર્યાદા પણ ૧,૫૦૦ કિલો (૭૫ મણ)થી વધારીને હવે ૨,૫૦૦ કિલો (૧૨૫ મણ) અને જુવારની ખરીદી-મર્યાદા ૧,૦૦૦ કિલો (૫૦ મણ)થી વધારીને ખેડૂતદીઠ ૧,૭૦૦ કિલો (૮૫ મણ) કરી છે. આમ, રાજ્ય સરકારે બાજરીમાં ૧,૫૦૦ કિલો (૭૫ મણ), મકાઈમાં ૧,૦૦૦ કિલો (૫૦ મણ) તેમજ જુવારમાં ૭૦૦ કિલો (૩૫ મણ)નો વધારો કર્યો છે.

**લાભ :** સરકારના આ નૂતન અભિગમથી રાજ્યના હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ થશે અને તેઓ પોતાની વધુ ઊપજનું ટેકાના ભાવે વેચાણ કરી શકશે. ખેડૂતોને ઊપજના પોષણક્ષમ ભાવ મળતાં આર્થિક સમૃદ્ધિ મેળવવા સાથે નવા પાકનું નિર્ભયપણે આયોજન કરી શકશે.

# વાસણા બેરેજને મળ્યા નવા દ્વાર

**નિર્ણય :** ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પરના મહત્ત્વપૂર્ણ એવા વાસણા-બેરેજના આધુનિકીકરણની કામગીરી માત્ર ૩૫ દિવસના રેકૉર્ડ-બ્રેક સમયમાં પૂર્ણ કરવાનો નિર્ણય અને તેનો અસરકારક અમલ કરવામાં આવ્યો છે. રાજ્યના જળસંપત્તિ વિભાગ હેઠળ કાર્યરત યાંત્રિક શાખા દ્વારા રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે ૧૯ નવા દરવાજા નાખવાનું અને ૧૦ ગેટના રિપેરિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી. કામગીરી પૂર્ણ થતાંની સાથે જ સાબરમતી નદીને પુન: પાણીથી ભરવામાં આવી.

**કામગીરી :** મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને જળસંપત્તિ-પાણી પુરવઠામંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન હેઠળ જળસંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ડેમ-સલામતીનાં કામોને અગ્રતા આપવામાં આવી રહી છે. વર્ષ ૧૯૭૬માં નિર્માણ પામેલો વાસણા બેરેજ અમદાવાદ શહેર માટે પૂર-નિયંત્રણ અને જળ-વ્યવસ્થાપનનું મહત્ત્વપૂર્ણ માળખું છે. વર્ષ ૨૦૨૫માં ડેમ-સેફ્ટી ઍક્ટ હેઠળ કરાયેલા પ્રિ-મોન્સૂન નિરીક્ષણમાં યાંત્રિક શાખા દ્વારા બેરેજના દરવાજાઓના નવીનીકરણ અને રિપેરિંગ માટે ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણોના આધારે બેરેજની લાંબાગાળાની સુરક્ષાને ધ્યાને રાખીને ગત એપ્રિલ-૨૦૨૬ માસમાં બેરેજમાંથી પાણી સંપૂર્ણ ખાલી કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થવાથી ચોમાસા દરમિયાન ડેમની સલામતીમાં વૃદ્ધિ થશે અને આગામી સમયમાં અમદાવાદ જિલ્લાના ગ્રામવિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહેશે.





# પશુપાલકો માટે 'ગેઇમ ચેન્જર' કિટ દુધાળાં પશુઓની દરેક ગર્ભાવસ્થાએ હજારોની બચત

- અમિત રાડિયા

**રૂ.૧૦,000 થી રૂ.૧૨,000 સુધીની બચત**

**માત્ર 28-35 દિવસમાં ગર્ભ નિદાન**

ગાય-ભેંસ જેવાં દુધાળાં પશુઓમાં કૃત્રિમ ગર્ભાધાન માટે કૃત્રિમ બીજદાન બાદ ૯૦થી ૧૨૦ દિવસે ગર્ભ-પરીક્ષણ કરવામાં આવતું હોય છે. પરંતુ, આ તપાસ ખર્ચાળ હોવાની સાથે તેમાં પશુઓના રેક્ટમમાં હાથ નાખીને ચકાસણી કરવાની થતી હોવાથી તે પશુ માટે ભારે તણાવ અને ક્યારેક ગર્ભપાતનું કારણ બની રહે છે. અમદાવાદના ‘બિગનેનો વેન્ચર્સ’ પશુઓમાં ગર્ભ-પરીક્ષણ માટે એક અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ તૈયાર કરી છે, જેની મદદથી માત્ર ૨૮થી ૩૫ દિવસમાં જ પશુમાં સફળ ગર્ભધારણની જાણકારી મેળવી શકાય છે, જેનો ખર્ચ માત્ર રૂ.૨૫૦થી ૩૦૦ થાય છે.

‘બિગનેનો વેન્ચર્સ’નાં સહ-સ્થાપક શ્રીમતી કોમલ કલંત્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારની SSIP ૨.૦ અંતર્ગત i-Hubની સૃજન સીડ સહાય હેઠળ ‘બિગનેનો સ્ટાર્ટઅપ’ને રૂ.૧૦ લાખની સહાય મળી છે. તેઓ ઉમેરે છે કે ગુજરાતમાં 'અમૂલ' (Amul) સાથે બિગનેનો વેન્ચર્સ એમ્પેનલ્ડ છે, જ્યારે તાજેતરમાં જ હરિયાણામાં નવીન જિંદલ ગ્રૂપ સાથે પણ જોડાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દેશની અગ્રણી ડેરીઓ અને મિલ્ક યુનિયનો સાથે મળીને અનેક ફિલ્ડ-કૅમ્પ દ્વારા આ ટેક્નોલૉજી વિશે ખેડૂતોને સતત જાગૃત કરે છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તરપ્રદેશ, ઉત્તર-પૂર્વ અને દક્ષિણનાં રાજ્યોમાં પણ અનેક પશુપાલકોની સાથે નેપાળના ખેડૂતો અને પશુપાલકો પણ હવે આ કિટનો ઉપયોગ કરતા થયા છે.

પશુઓમાં ગર્ભાધાનની પ્રત્યક્ષ અસર દૂધ-ઉત્પાદનને થાય છે. પશુઓમાં કૃત્રિમ બીજદાન બાદ ગર્ભ-પરીક્ષણ માટેની વર્તમાન પદ્ધતિમાં ગર્ભકાળનો લગભગ ૪૦ ટકા સમય વેડફાય છે, જેની સીધેસીધી અસર પશુના સ્વાસ્થ્ય અને ખેડૂતની આર્થિક સ્થિતિ પર પડે છે. ત્યારે આ અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ દ્વારા માત્ર ૨૮થી ૩૫ દિવસમાં ૯૯ ટકા સુધીનું સચોટ નિદાન મળે છે. તેનાથી બાકીના ૬૦થી ૯૦ દિવસના પ્રતિ દિન ખર્ચની ગણતરી કરવામાં આવે, તો પશુદીઠ કુલ ખર્ચમાં રૂપિયા ૧૦ હજારથી ૧૨ હજાર સુધીની બચત થાય છે.

આ નવીનતાનાં શોધક ‘બિગનેનો વેન્ચર્સ’નાં શ્રીમતી કોમલ કલંત્રીએ જણાવ્યું કે, “બિગનેનોની શરૂઆત એક વિચારથી નહીં, પણ એક હૃદયસ્પર્શી અનુભવથી થઈ હતી. એક વખત હું ગૌશાળાની મુલાકાતે ગઈ હતી, ત્યારે મેં પશુઓમાં ગર્ભાવસ્થા તપાસવાની પરંપરાગત અને અત્યંત પીડાદાયક પદ્ધતિ જોઈ. આ કરુણ દૃશ્ય જોઈને મારું હૃદય દ્રવી ઊઠ્યું. બાયોટેકનો અભ્યાસ અને ત્યાર પછી એક દાયકાના ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રના અનુભવે મારા મનમાં એક સવાલ જન્માવ્યો: ‘જો મનુષ્યો માટે વહેલી અને Non-invasive, એટલે કે, બિન-હાનિકારક તપાસ શક્ય છે, તો અબોલ પશુઓ માટે કેમ નહીં?’ આ પ્રશ્ન જ એક નવા સંશોધનનો આરંભ હતો. આ રીતે ‘બિગનેનો બોવાઈન અર્લી પ્રેગ્નન્સી ડિટેક્શન કિટ’ તૈયાર કરવાના પ્રયાસો શરૂ થયા.”

**કિટ કેવી રીતે કાર્ય કરે છે?**

1. કૃત્રિમ બીજદાન →
2. ૨૮-૩૫ દિવસ →
3. રક્ત નમૂનો →
4. કિટ ટેસ્ટ →
5. ૯૯% સચોટ પરિણામ →
6. ખેડૂત માટે લાભકારી

**ઝડપી નિદાન, ઓછી કિંમત અને વધુ બચત - આ છે ગુજરાતી સ્ટાર્ટઅપ બિગનેનો વેન્ચર્સની અનોખી પહેલ, જે પશુપાલકોના જીવન ધોરણમાં લાવી રહી છે સાચો ફેરફાર**





# અમદાવાદની 'સૌદાગરી પ્રિન્ટ'ને GI ટૅગ

- શ્રદ્ધા ટીકેશ

**વિસરાઈ ગયેલી અંદાજિત 300 વર્ષ જૂની 'સૌદાગરી બ્લૉક પ્રિન્ટિંગ' કળાને નવજીવન મળ્યું**

વર્ષ ૨૦૨૩માં ભારત સરકાર દ્વારા 'સૌદાગરી બ્લૉક પ્રિન્ટિંગ' હસ્તકલાને GI ટૅગ પ્રાપ્ત થઈ. અમદાવાદના જમાલપુરમાં કાર્યરત 'બંગલાવાલા મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી'ના નામે આ ટૅગ ગુજરાતને મળી છે. GI ટૅગ થકી આ વૈશ્વિક ઓળખ મળ્યા બાદ આ ઐતિહાસિક કળા ફરી એક વાર દેશ-વિદેશના ફૅશન જગતમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. બીજા વિશ્વયુદ્ધમાં વૈશ્વિક અર્થતંત્ર ખોરવાતાં તેમજ કાપડ-ઉદ્યોગમાં આધુનિક મશીનરી, સ્ક્રીન પ્રિન્ટિંગ અને મોટા લાકડાના બ્લૉક્સનો પ્રવેશ થતાં સૌદાગરીની અતિ ઝીણી અને પરંપરાગત ડિઝાઈન પાછળ રહી ગઈ. છીપા સમુદાયના શાકીર બંગલાવાલા અને ઈરીના બંગલાવાલા જેવા ગણ્યા-ગાંઠ્યા પરિવારોએ આ લુપ્ત થતી પરંપરાને કપરા સંજોગોમાં પણ જાળવી રાખી છે.

સૌદાગરી બ્લૉક પ્રિન્ટિંગની અતિ જટિલ ડિઝાઈન તેની સૌથી મોટી ખાસિયત છે, જે તેને સામાન્ય પ્રિન્ટિંગથી તદ્દન જુદી પાડે છે. સૌદાગરીમાં શ્રી માણેકલાલ ગજ્જર જેવા પરંપરાગત બ્લૉક-મેકર્સ દ્વારા તૈયાર કરાયેલા માત્ર અઢીથી ત્રણ ઈંચના અત્યંત નાના અને ઝીણી નકશીવાળા લાકડાના બ્લૉકનો જ ઉપયોગ થાય છે. આ પ્રિન્ટિંગમાં રેઝિસ્ટ ડાઈંગ અને હેન્ડ પેઈન્ટિંગ જેવી પ્રક્રિયાઓ થાય છે. કાપડ પર પાકા અને આકર્ષક રંગો માટે આમલીનાં બીજની પેસ્ટ, ગોળ, લોખંડનો કાટ, હળદર, દાડમની છાલ અને ફૂલો જેવા શુદ્ધ કુદરતી સ્રોતોની પરંપરાગત પદ્ધતિ





અપનાવાય છે, જે પર્યાવરણ અને ત્વચા બંને માટે સુરક્ષિત અને અનુકૂળ છે.

આજે આ કલાના કારીગરોની કાર્યશાળા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આકર્ષણનું કેન્દ્ર બની છે. વિશ્વના વિવિધ દેશોમાંથી આવેલા નામાંકિત ફૅશન ડિઝાઈનરો, કલાવિવેચકો, સંશોધકો અને આર્ટિસ્ટ આ જગ્યાની મુલાકાતે આવે છે અને ઝીણવટભરી બ્લૉક-પ્રિન્ટિંગની પ્રક્રિયા જોઈને મંત્રમુગ્ધ થાય છે. ગ્લોબલ પ્લૅટફૉર્મ પર આ કળાનો ડંકો વાગ્યા બાદ, પ્રતિષ્ઠિત Cannes Film Festivalના રેડ કાર્પેટ પર અહીંના કારીગરો દ્વારા તૈયાર કરાયેલા આઉટફિટ્સ અને બ્લૉક-પ્રિન્ટિંગની ભાત ધરાવતી ડિઝાઈનો વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બની હતી.

GI ટૅગ અને સરકારી પ્રોત્સાહન મળ્યા બાદ આ કળાને કાયદાકીય અને આર્થિક રક્ષણ મળ્યું છે, જેનાથી બજારમાં મળતી સસ્તી અને નકલી મશીન પ્રિન્ટની નકલખોરી સામે સાચા કારીગરોનું હિત સચવાશે. NIFT જેવી સંસ્થાઓના ડિઝાઈનરો આ પરંપરાગત કારીગરો સાથે આધુનિક ફૅશન ટ્રેન્ડ મુજબ નવી ડિઝાઈનો વિકસાવી રહ્યા છે અને ફૅશન-શોના માધ્યમથી આ કળાને રૅમ્પ પર લાવી રહ્યા છે. મેટ્રો શહેરો, મોલ ઉપરાંત વૈશ્વિક બજારોમાં આ ઈકો-ફ્રેન્ડલી હસ્તકલાની માંગ વધી છે.

**અમદાવાદની સૌદાગરી પ્રિન્ટ**

- 300 વર્ષ જૂની વિરાસત
- કુદરતી સ્રોતોથી ઈકો-ફ્રેન્ડલી પ્રિન્ટિંગ
- કારીગરોના હસ્તકૌશલ્યને આપી રહ્યું છે નવું બળ
- પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય

# ગુજરાતી શીખીએ

- કવિ પ્રકાશ 'જલાલ'

ગત અંકમાં આપણે અનુસ્વારની વાત કરી. તમને સહજ પ્રશ્ન થશે કે, અનુસ્વારથી જ શરૂઆત કેમ કરી! તો, એનો જવાબ છે કે, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં અનુસ્વારનું ખૂબ જ મહત્ત્વ છે. ખોટી જગ્યાએ તે મુકાઈ જાય તો અનર્થ થઈ જાય. મોટેરાં એટલે વડીલો, અને મોટેરા એટલે અમદાવાદનો એક વિસ્તાર. એવું જ જગ અને જંગ, વડાપ્રધાન અને વડાંપ્રધાન-નું છે. આ બધામાં અનુસ્વાર અયોગ્ય જગ્યાએ મુકાઈ જાય તો ખોટું પડે. જો કોઈ સન્નારી પ્રાઈમ મિનિસ્ટર હોય તો 'વડાંપ્રધાન' જ લખવું પડે, ત્યાં વડાપ્રધાન ન ચાલે. એ જ રીતે, પુરુષ વડાપ્રધાન માટે 'વડાંપ્રધાન' લખી ન શકાય.

હવે આપણે અનુસ્વારના દ્વિતીય તબક્કામાં પ્રવેશીએ. ગુજરાતીમાં ત્રીજું લિંગ નપુંસક લિંગ, નાન્યતર જાતિ છે. એનાં બધાં જ પદો અનુસ્વાર લે છે. તેની જાતિ કે લિંગ આપણે મનમાં 'કેવું, કેવો, કેવી' પ્રશ્ન પૂછીને નક્કી કરીશું. દા.ત. બાળક (કેવું - નાન્યતર જાતિ), કૂતરું (કેવું), હાડકું (કેવું), લાકડું (કેવું). આ બધાંનું બહુવચન થાય ત્યારે તે પણ અનુસ્વાર લે. દા.ત. બાળકો આવ્યાં (બાળક નાન્યતર જાતિનો શબ્દ, તેનું બહુવચન થાય ત્યારે બાળકો થાય, પરંતુ તેના વર્ણનમાં અનુસ્વાર જોઈએ.) એ જ રીતે, કૂતરાં દોડ્યાં, બાળકો હસ્યાં, હાડકાં ભાંગ્યાં, લાકડાં કાપ્યાં.

શબ્દના લિંગ કે જાતિ નક્કી કરવાનો સરળ રસ્તો પ્રશ્ન પૂછવાનો છે. પદ કેવું, પ્રભાતિયું કેવું, કવિતા કેવી, રસ્તો કેવો, મારગ કેવો, કેડી કેવી, જંગલ કેવું, માણસ કેવો, મહિલા કેવી, પાણી કેવું, રંગ કેવો - આમ પ્રશ્ન પૂછીને શબ્દના લિંગ ને જાતિ નક્કી કરીને અનુસ્વારનો નિર્ણય લેવાનો રહે. લિંગની ખબર પડી જાય પછી તમે આખું વાક્ય ભૂલ વિના લખી શકશો. જેમ કે, આ પ્રભાતિયું મને વહાલું છે, આ કવિતા કેવી સરસ છે!, આ મારગ તો સાવ સહેલો છે, આ જંગલ ઘટાદાર છે, આ માણસ હઠીલો નથી, આ મહિલા સુશીલ છે વગેરે. આ માટે આવા શબ્દોનો ઉપયોગ કરીને કેટલાંક વાક્યો લખો અને વારંવાર લખો.

હવે, અનુસ્વારનો ત્રીજો તબક્કો. એક જ વાક્યમાં નરજાતિ (પુંલ્લિંગ), નારીજાતિ (સ્ત્રીલિંગ) બંને હોય તો શું કરવું? તોપણ અનુસ્વાર મુકાય. (દા.ત. શ્રીરામ, લક્ષ્મણ અને સીતા વનમાં ગયાં. રમેશભાઈ, ચંદ્રકાન્તભાઈ અને મેધાબહેન આવ્યાં. મેઘનાબહેન અને ચંદ્રિકાબહેન મારા ઘરે આવ્યાં હતાં.) એક જ સ્ત્રી હોય તોપણ માનાર્થે બહુવચન કરવું જોઈએ. જેમ કે, ચંદ્રિકાબહેન મારી સાથે શાળાએ આવ્યાં હતાં. આજે આવાં થોડાંક વાક્યો લખો અને વારંવાર લખો.

# ઘરઆંગણે ઊગતી અમૃત સમાન આયુર્વેદિક ઔષધિ

ડૉ. શીતલ ભાગીયા

આયુર્વેદશાસ્ત્રમાં નિશ્ચિત લાભ પહોંચાડનારી અને અમૃતતુલ્ય ઔષધિઓ પૈકીની એક એવી 'કુંવારપાઠું' જેને આયુર્વેદમાં 'કુમારી' અને અંગ્રેજીમાં 'એલોવેરા' કહે છે. તેની ઉપરનાં પર્ણ સુકાય કે તોડી લેવામાં આવે તો તરત જ બીજાં નવાં પર્ણ ફૂટી આવે છે, એટલે જ એને 'તરુણી' કહે છે. બધાનાં ઘરોમાં હોવાને કારણે તેને 'ગૃહકન્યા' પણ કહી છે. તે ઘણા રોગોને દૂર કરવામાં ઉપયોગી છે. એલોવેરાના બાહ્ય અને આભ્યંતર ઉપયોગો છે. શરીર અને પેટની ગરમી શાંત કરવાની સાથે રેચન ક્રિયામાં પણ તે ઉપયોગી રહે છે, પરંતુ આભ્યંતર પ્રયોગ માટે યોગ્ય વૈદ્યની સલાહ જરૂરી છે.

**બાહ્ય પ્રયોગ :** ● એલોવેરાની અંદર રહેલા ગરનો રસ બનાવી કાચની શીશીમાં ભરી ઉથી જ દિવસ સુધી તેનો સીધો જ ઉપયોગ કરી શકાય છે. ● આ રસ થોડો હાથમાં લઈને ચામડી પર મસાજ કરી લગાવવાથી તે ત્વચા પર એક આવરણ બનાવે છે, જે બહારની ધૂળ, રજકણ કે મેલને ત્વચા પર સ્પર્શવા દેતું નથી. સૂર્યનાં કિરણો સામે રક્ષણ આપે છે. ● થોડા દિવસના પ્રયોગથી તે ખીલ, ખીલના ડાઘને જડમૂળથી દૂર કરીને ચહેરા પર ચમક લાવે છે. ● ચહેરાના કોઈ પણ રોગ કે કુદરતી ચમક માટે વિવિધ ફેસપૅક બનાવવા લિક્વિડ તરીકે તે ઉપયોગી છે. ● એલોવેરનો રસ એક કુદરતી કન્ડિશનર છે. વાળને લીસા કરવા માટે અઠવાડિયે એક વાર એલોવેરાના રસને વાળ ધોવાના એકાદ-બે કલાક પહેલાં વાળના મૂળ સુધી મસાજ કર્યા બાદ વાળ જો નાના હોય તો માત્ર પાણીથી જ સાફ કરી શકાય છે, જ્યારે વાળનો ગ્રોથ અને લંબાઈ વધારે હોય ત્યારે શેમ્પૂથી સાફ કરવાના રહે છે. ● જે લોકોને ખોડો રહેતો હોય તેમણે એલોવેરાના રસ સાથે લીમડાના પાનનો રસ અથવા તો દહીં મેળવીને માથામાં માલિશ કરીને વાળ ધોવા જોઈએ. ● ઘણા લોકો મહેંદી, આમળાના ભૂકાનો વાળમાં લેપ કરતાં હોય છે, તો એને પલાળવા માટે પણ એલોવેરાનો રસ ઉપયોગમાં લઈ શકાય. ● શરીરના કોઈ ભાગ પર દાઝ્યા હોઈએ અથવા તો બળતરા થતી હોય તો એ જગ્યાએ એલોવેરાનો રસ લગાવવાથી તુરંત આરામ મળે છે અને સાથેસાથે દાઝ્યાનાં નિશાન રહેતાં નથી.



# જમીન અને પીટલૅન્ડ્સ પૃથ્વીનાં શાંત કાર્બન સંગ્રહસ્થાનો

- બેલા મહેતા

प्रकृति स्वयं में परिपूर्ण है। પ્રકૃતિ પાસે કશું જ વધારાનું કે કશું પણ ન-કામનું નથી. તેની પ્રત્યેક વસ્તુ-જીવ પૃથ્વી પર જીવન ટકાવી રાખવા માટે ઉપયોગી છે. આજે આપણે પર્યાવરણમાંથી કાર્બનડાયોક્સાઇડને સૌથી વધુ પ્રમાણમાં શોષતા મહાસાગર બાદના બીજા નંબરે આવતી ‘જમીન’ની કાર્બન-શોષક તરીકેની પ્રક્રિયાને સમજવાનો પ્રયત્ન કરીશું.

જ્યારે પણ ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ જેવા વૈશ્વિક પર્યાવરણીય સંકટ સામે જીતવાની વાત આવે ત્યારે આપણે તેના સમાધાનની દૃષ્ટિથી લીલાંછમ અને ઘટાટોપ વિશાળ જંગલો તરફ જ જોઈએ છીએ. પરંતુ વાસ્તવમાં કાયમ અને એકદમ આપણી નજર સમક્ષ હોવા છતાં જાણે કે અદૃશ્ય રહીને સતત કામગીરી કરતી ‘જમીન’ જલદી ધ્યાને પડતી નથી. પૃથ્વીની માટી અને ખાસ કરીને ‘પીટલૅન્ડ્સ’ (Peatlands) વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ ($CO_2$)ને શોષીને પૃથ્વીને ગરમ થતી અટકાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. આ જ કારણે તેમને પૃથ્વીનાં ‘શાંત સંગ્રહસ્થાનો’ (The Silent Storages) કહેવામાં આવે છે. વનસ્પતિ જ્યારે મૃત્યુ પામે છે, ત્યારે તે જમીનમાં ભળી જાય છે. માટીમાં રહેલા સૂક્ષ્મ જીવો આ કાર્બનને સદીઓ સુધી જમીનની અંદર દબાવી રાખે છે.



**પીટલૅન્ડ્સ - Peace land**

- કાર્બન-શોષણમાં મહાસાગર બાદ બીજા નંબરે
- કુદરતી કાર્બન - ભંડાર
- પર્યાવરણનું સંતુલન જાળવવામાં અગત્યની ભૂમિકા

### પીટલેન્ડ્સ એટલે શું?



*ભેજવાળી અને કાદવ-કીચડવાળી જમીન જ્યાં પાણી ભરાયેલું રહેવાના કારણે વનસ્પતિના અવશેષો સંપૂર્ણપણે સડી શકતા નથી, પરંતુ હજારો વર્ષો સુધી અર્ધ-કોહવાયેલી સ્થિતિમાં જમા થતા રહે છે.*

**વિશેષતાઃ**

- પીટલૅન્ડ્સ વિશ્વના કુલ જમીન-વિસ્તારના માત્ર ૩ ટકા ભાગમાં આવે છે.
- તેમની કાર્યક્ષમતા એટલી વિશિષ્ટ છે કે તેઓ દુનિયાનાં તમામ જંગલોના સંયુક્ત કાર્બન-ભંડાર કરતાં પણ બમણો કાર્બન પોતાનામાં સમાવીને બેઠા છે.
- જો પીટલૅન્ડ્સ સુકાઈ જાય કે તેમાં આગ લાગે, તો સદીઓથી જમા થયેલો $CO_2$ વાતાવરણમાં ભળીને પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

### પીટલેન્ડ્સના મુખ્ય લાભો

- કાર્બનડાયોક્સાઇડને શોષે છે અને ગ્લોબલ વોર્મિંગ ઘટાડે છે.
- પૂર ઘટાડવામાં અને પાણીનો સંગ્રહ રાખવામાં મદદ કરે છે.
- જૈવિક વિવિધતાનું સંરક્ષણ કરે છે.
- સ્થાનિક અને વૈશ્વિક આબોહવાના સંતુલનને જાળવે છે.

**આબોહવા-પરિવર્તન સામેની લડાઈમાં માત્ર નવાં વૃક્ષોની વાવણી પૂરતી નથી, પરંતુ પૃથ્વીના આ શાંત અને કુદરતી ‘વૅક્યુમ ક્લીનર્સ’ સમાન જમીન અને પીટલેન્ડ્સનું સંરક્ષણ કરવું પણ એટલું જ અનિવાર્ય છે.**





**જો આપણે જમીનની ફળદ્રુપતા અને ભેજને બચાવી શકતા ‘પીટલૅન્ડ્સ’ને સાચવવા માટે જાગૃત થઈશું તો પૃથ્વીના વધતા તાપમાનને અટકાવવામાં સફળ થઈશું.**



# દાહોદમાં જ્ઞાન-સરિતા : નીલમબહેન જાદવની અનોખી પુસ્તક-પરબ

**- કાકુલ ઢાકિઆ**

પાણી અને પુસ્તક બંને માનવજીવન માટે અનિવાર્ય છે. પાણી શરીરની તરસ છિપાવે છે, તો પુસ્તકો જ્ઞાન દ્વારા મનની તરસ છિપાવે છે. પુસ્તકો ઉતાવળે વાંચીને પતાવવા માટે નહિ પણ જીવનમાં ઉતારીને પચાવવા માટે હોય છે. પાણીની પરબથી જીવસૃષ્ટિની તૃષા છિપાવતા સમાજસેવકોની વચ્ચે દાહોદમાં રહેતાં અને વર્ષ ૨૦૧૦થી દેસાઈવાડા, સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે સેવા આપતાં નીલમબહેન જાદવ પુસ્તક-પરબ દ્વારા જ્ઞાનની સરવાણી વહાવી રહ્યાં છે.

દાહોદમાં આવેલા છાબ તળાવની સામે ગોવર્ધનનાથજીની હવેલીના શાંત વાતાવરણમાં દર મહિનાના પ્રથમ રવિવારે સવારે ૮થી ૧૦:૩૦ વાગ્યા સુધી નીલમબહેન પુસ્તકો લઈને હાજર થઈ જાય છે. ત્યાંથી પુસ્તકપ્રેમીઓ પોતાને ગમતું પુસ્તક વાંચવા લઈ જાય છે અને વાંચ્યા પછી પરત કરે છે. ન કોઈ ચાર્જ કે ન કોઈ નોંધણી-પ્રક્રિયા! બસ, માણસાઈના વિશ્વાસે લોકો પુસ્તક લઈ જાય છે ને પાછાં પણ આપી જાય છે. ક્યારેક લોકો પુસ્તકોની ખરીદી માટે સ્વેચ્છાએ અનુદાન આપે છે, તો ક્યારેક કોઈ પુસ્તકનું દાન પણ મળે છે.

આ પુસ્તક-પરબ છેલ્લાં ૩ વર્ષથી વાંચનસામગ્રી પીરસી રહ્યું છે. શરૂઆત તો નીલમબહેને એકલા હાથે જ કરી હતી, પણ હાલમાં અન્ય ૪ શિક્ષકો પણ આ સેવાકાર્યમાં જોડાયા છે. આ ટીમમાં જહરુદ્દીન શેખ (ટાંડા પ્રા. શાળા), રીતેશભાઈ સોની (છાપરી પ્રા. શાળા), રવીન્દ્રભાઈ પ્રજાપતિ (સાકરદા પ્રા.શાળા) તેમજ અમિષાબહેન પંચાલ (ઉસરવાણ પ્રા.શાળા) શિક્ષક તરીકે બાળકોના સ્વર્ણિમ ભવિષ્યને ઘડવાનું કાર્ય કરે છે અને સાથોસાથ સ્થાનિક સ્તરે વાંચનના શોખ માટે પણ કાર્યરત છે.

નીલમબહેને જણાવ્યું હતું કે, અન્ય જિલ્લાઓમાં પુસ્તક માટેનાં ઘણાં સારાં કાર્યો થઈ રહ્યાં છે, એટલે મેં વિચાર્યું કે દાહોદમાં ક્યાંય નથી તો કેમ શરૂઆત ન કરવી..! વર્ષ ૨૦૨૩માં એક પુસ્તક-પરબ શરૂ કરવાનો વિચાર આવ્યો, જ્યાં સૌ કોઈ વાંચન કરી શકે અને માહિતી તથા જ્ઞાનનો ભંડાર સૌને સુલભ થાય. શરૂઆત ૭૦ જેટલાં પુસ્તકોથી થઈ. બાકીનાં પુસ્તકો અન્ય પુસ્તકપ્રેમીઓ પાસેથી દાનમાં મળ્યાં. આર્થિક સહાય પણ આકસ્મિક જ મળતી રહી અને આજે અમારી પાસે ૪૦૦ જેટલાં પુસ્તકો છે. અહીં સ્પર્ધાત્મક પરીક્ષાને લગતાં પુસ્તકો તથા બાળસાહિત્ય, કિશોરકથાઓ, નવલકથાઓ, ધાર્મિક પુસ્તકો, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં પ્રાપ્ય છે. અહીં કોઈ નોંધણી નથી, કોઈ પણ વ્યક્તિ આવીને પ્રેમથી પુસ્તક વાંચી શકે કે લઈ જઈ શકે છે. અમે દર મહિને સોશિયલ મીડિયામાં પુસ્તક-પરબનો પ્રચાર-પ્રસાર કરીએ છીએ, જેથી જેમને ખાસ તો વિદ્યાર્થીઓને પુસ્તકની જરૂર હોય તેઓ સુધી આ વાત પહોંચે અને સેવાકાર્ય આગળ વધતું રહે.

### પુસ્તક - પરબ : થોડા આંકડાઓ

| શરૂઆત | પુસ્તકો | ટીમ | સમય |
|---|---|---|---|
| વર્ષ ૨૦૨૩થી સેવાકાર્ય | ૪૦૦થી વધુ પુસ્તકો ઉપલબ્ધ | પાંચ શિક્ષકોની સામૂહિક પહેલ | દર મહિનાના પ્રથમ રવિવારે સવારે ૮ થી ૧૦.૩૦ |

**“ જ્યારે સમાજ વાંચે છે, ત્યારે જ સમાજ આગળ વધે છે ”**

# 'ગુજરાત' પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

'ગુજરાત' પાક્ષિકના વાચકોને આનંદ થાય તેવી વધુ એક નવતર બાબત 'ગુજરાત' પાક્ષિકમાં હવેથી ઉમેરવામાં આવી રહી છે. 'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ ૧૪ સવાલો આપને પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલ અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારાં નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે, અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે, અને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૨, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી,
૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. 'રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦'નાં સફળ પાંચ વર્ષની ઉજવણીના ભાગરૂપે SHVR 2025-26 હેઠળ રાષ્ટ્રીય સ્તરે માન્યતા માટે ગુજરાતની કેટલી શાળાઓની પસંદગી કરવામાં આવી છે?
(A) ૧૦ (B) ૨૧ (C) ૧૫ (D) ૧૩

૨. ગુજરાત સરકાર દ્વારા ........ પરિવારનાં બાળકોને અવિરત શિક્ષણ મળી રહે તે માટે School On Wheels 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે.
(A) મેઘવાલ (B) માલધારી
(C) જત (D) અગરિયા

૩. ૧૨મા વિશ્વ યોગદિવસની આ વર્ષની થીમ કઈ હતી?
(A) Yoga for Healthy Aging (B) Yoga for Holistic Health
(C) Yoga for Young Minds (D) Yoga for Unity and Peace

૪. નવી જાહેર કરાયેલી 'ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે રૂ. ........ લાખ કરોડનું રોકાણ આકર્ષવાનું લક્ષ્ય છે.
(A) ૬ (B) ૫ (C) ૭ (D) ૧૦

૫. 'નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬'ના મુખ્ય ૪ સ્તંભોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
(A) ઇન્વેસ્ટમેન્ટ અને પ્રોડક્શન (B) ઇનોવેશન અને રિસર્ચ
(C) સર્વિસ અને મૂલ્યવર્ધન (D) સ્કીલ અને એમ્પ્લોયમેન્ટ

૬. ગુજરાતની કઈ કંપનીના સુવર્ણ જયંતી મહોત્સવમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા?
(A) GNFC (B) GIDC (C) GEDA (D) GMB

૭. ગુજરાત સરકારે કઈ સંસ્થા સાથે રૂ. એક લાખ કરોડના લોંગટર્મ ફાઇનાન્સિંગ માટે MoU કર્યા?
(A) PFC (B) NHAI (C) HUDCO (D) NFCC

૮. ભારત સરકારે શરૂ કરેલ Month of Solar – May 2026 અંતર્ગત Category B હેઠળ ગુજરાતે કેટલા એવોર્ડ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું?
(A) ૨ (B) ૩ (C) ૪ (D) ૫

૯. પૂર્વ અગ્નિવીરોને રાજ્ય સરકારના વિભાગોમાં વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીમાં કેટલા ટકા અનામત આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે?
(A) 5 (B) 10 (C) 15 (D) 20

૧૦. વર્ષ ૨૦૨૩માં જેને GI ટૅગ મળ્યું તે સોદાગરી બ્લૉક પ્રિન્ટિંગ કયા જિલ્લા સાથે સંકળાયેલી છે?
(A) અમદાવાદ (B) ભાવનગર (C) કચ્છ (D) પાટણ

૧૧. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 24મા શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી મહોત્સવનો શુભારંભ કયા સ્થળેથી કરાવ્યો?
(A) વડનગર (B) મોડાસા (C) ગરબાડા (D) મોઢેરા

૧૨. નમો લક્ષ્મી યોજના થકી છેલ્લા એક વર્ષમાં ધોરણ ૯થી ૧૨માં વિદ્યાર્થિનીઓની સંખ્યામાં કેટલા ટકાનો વધારો થયો છે?
(A) 61% (B) 68% (C) 70% (D) 73%

૧૩. પ્રાથમિક શિક્ષણના સુદૃઢીકરણ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી વર્ષ ....... સુધી 'નિપુણ ગુજરાત' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
(A) 2027-28 (B) 2028-29
(C ) 2029-30 (D) 2030-31

૧૪. સ્વચ્છ અને હરિત વિદ્યાલય રેટિંગમાં દેશના શ્રેષ્ઠ 10 જિલ્લાઓમાં ગુજરાતના કયા જિલ્લાને સ્થાન મળ્યું છે?
(A) ગાંધીનગર (B) રાજકોટ (C ) સુરત (D ) જામનગર

૧૫. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને .......... ફર્નિચર પાર્ક સમિટનું આયોજન થયું.
(A) જામનગર (B) ભાવનગર (C ) પોરબંદર (D ) જૂનાગઢ

નામ : .................................. સરનામું : ..........................................................................

....................................................................................................................

ઈમેલ એડ્રેસ :........................................................ મોબાઈલ નં. :............................................

અંક ૧૧ના જવાબ: (1-C), (2-B), (3-D), (4-A), (5-A), (6-D), (7-B), (8-C), (9-C), (10-D), (11-A), (12-D), (13-D), (14-B), (15-A)

| અંક નં. ૧૧ના વિજેતા | નામ : ધાર્મિક દેસાઈ, ગાંધીનગર | નામ : અંકિત કુમાર, ગાંધીનગર | નામ : ચંદ્રા જિકાદરા, ગાંધીનગર |
|---|---|---|---|

# ‘ગરવી ગુર્જરી’ પોર્ટલ

## ગુજરાતની પરંપરાગત હસ્તકલા વસ્તુઓ મેળવો ઘરઆંગણે

- હર્ષદ રૂપાપરા




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પે દેશમાં ટેક્નોલૉજી આધારિત વિકાસની નવી ક્રાંતિ સર્જી છે. ડિજિટલ પ્લૅટફોર્મ અને ઇ-કૉમર્સના વિસ્તરણથી સ્થાનિક ઉત્પાદનોને દેશ-વિદેશનાં બજારોમાં પહોંચવાની નવી તકો મળી છે. પરિણામે હસ્તકલા સાથે સંકળાયેલા લાખો પરિવારોની આવકમાં વધારો થયો છે. સાથે જ ‘આત્મનિર્ભર ભારત’, ‘વોકલ ફોર લોકલ’ અને ‘લોકલ ટુ ગ્લોબલ’ જેવાં અભિયાનો દ્વારા સ્થાનિક કલા અને ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે નવી ઓળખ મળી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યની પરંપરાગત કલા, હસ્તકલા અને હાથવણાટ ઉદ્યોગના વિકાસ માટે અનેક મહત્ત્વપૂર્ણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના પરિણામે ગુજરાતના કારીગરોને માત્ર નવું માર્કેટ જ નહીં, પરંતુ આર્થિક સશક્તીકરણ અને રોજગારીની નવી તકો પણ પ્રાપ્ત થઈ છે. આ જ દિશામાં ગુજરાત રાજ્ય હાથસાળ તથા હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સંચાલિત ‘ગરવી ગુર્જરી’ garvigurjari.gujarat.gov.in પોર્ટલ રાજ્યના કારીગરો અને ગ્રાહકો વચ્ચે એક સેતુ બન્યું છે. રાજ્યના વિવિધ પ્રદેશના કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતી પરંપરાગત અને કલાત્મક વસ્તુઓ હવે એક જ ક્લિકમાં ઘેર બેઠાં મેળવી શકાય છે.

**પોર્ટલ પરની પ્રોડક્ટ્સ:** ‘ગરવી ગુર્જરી’ ઇ-કૉમર્સ પોર્ટલમાં ગુજરાતના વિવિધ વિસ્તારોના કારીગરો દ્વારા તૈયાર કરાયેલાં હસ્તકલાનાં ઉત્પાદનો, હાથવણાટનાં કપડાં અને પરંપરાગત કલાત્મક વસ્તુઓ ઓનલાઇન ઉપલબ્ધ છે. આ પોર્ટલ પર ગ્રાહકોને વિવિધ પ્રકારની પ્રૉડક્ટ્સ એક જ સ્થળે મળે છે: ● સાડીઓ, અજરખ, બાંધણી, ઈકત અને બાટિક વસ્ત્રો ● કુર્તા, કુર્તી, દુપટ્ટા અને ડ્રેસ મટીરિયલ ● પુરુષો માટે કુર્તા, શર્ટ, ટી-શર્ટ અને અન્ય પરંપરાગત વસ્ત્રો ● કચ્છી એમ્બ્રોઈડરીવાળી બૅગ, પર્સ અને ફૂટવેર ● બેડશીટ, કુશન કવર, પડદા અને અન્ય હોમ ફર્નિશિંગ વસ્તુઓ ● રોગન પેઈન્ટિંગ, પીઠોરા પેઈન્ટિંગ, વારલી આર્ટ અને માતાની પછેડી જેવી લોકકલાઓ.



### ઘેર બેઠાં કેવી રીતે ઓર્ડર કરશો?

**‘ગરવી ગુર્જરી’ પોર્ટલ પરથી ખરીદી કરવી ખૂબ જ સરળ છે.**

૧. www.garvigurjari.gujarat.gov.in વેબસાઈટ ખોલો.

૨. હોમપેજ પર આપેલી વિવિધ કેટેગરીમાંથી મનપસંદ પ્રોડક્ટ પસંદ કરો.

૩. પ્રોડક્ટની વિગતો, ફોટોગ્રાફ અને કિંમત તપાસો.

૪. ‘Add to Cart’ વિકલ્પ પર ક્લિક કરીને પ્રોડક્ટ કાર્ટમાં ઉમેરો.


૫. જરૂરી માહિતી જેમ કે નામ, સરનામું અને મોબાઈલ નંબર દાખલ કરો.

૬. ઓનલાઈન પેમેન્ટ અથવા ઉપલબ્ધ અન્ય પેમેન્ટ વિકલ્પ પસંદ કરો.

૭. ઓર્ડર કન્ફર્મ થયા બાદ પ્રોડક્ટ તમારા ઘર સુધી પહોંચાડવામાં આવે છે.

### ‘ગરવી ગુર્જરી’ની વિશેષતાઓ

- ગુજરાત સરકાર દ્વારા સંચાલિત એક વિશ્વસનીય અને પ્રામાણિક ઇ-કૉમર્સ પોર્ટલ
- ગુજરાતના વિવિધ વિસ્તારોની પરંપરાગત કલાઓ, હાથવણાટ અને હસ્તકલાની અનોખી કૃતિઓ એક જ સ્થળે
- સરળ તથા ઓનલાઈન ઓર્ડર અને ઘર સુધી ડિલિવરીની સુવિધા.
- સ્થાનિક કારીગરોને સીધો આર્થિક લાભ, તેમની આવકમાં વધારો અને રોજગારીની નવી તકો
- 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને બળ આપે, લોકલ ટુ ગ્લોબલ દિશામાં મહત્ત્વનું પગલું




## ઈતિહાસનાં પગલાં શોધતી એક અવિસ્મરણીય યાત્રા

# 'ગુજરાતનાં ક્રાંતિતીર્થો'



### સ્વાતંત્ર્ય સંગ્રામનાં ૧૦૧ સાક્ષીસ્થળોની જીવંત ગાથા

સ્વતંત્રતાના સંગ્રામમાં ગુજરાતે કેવી ભૂમિકા ભજવી હતી તથા ગુજરાતનાં કયાં કયાં સ્થળો એ સંગ્રામનાં સાક્ષી બન્યાં હતાં, તેની ઐતિહાસિક વિગતો રજૂ કરતો ગ્રંથ માહિતી નિયામક, ગુજરાત રાજ્ય દ્વારા પ્રગટ કરવામાં આવ્યો છે. ઈતિહાસ અંગે બોલવા-લખવા માટે શ્રદ્ધેય અને અધિકારી એવાં પ્રસિદ્ધ લેખક-ઈતિહાસકાર-પત્રકાર શ્રી ડૉ.વિષ્ણુ પંડ્યા તથા ડૉ.આરતી પંડ્યાએ આ ઝીણવટભરી વિગતો એકત્ર કરીને તસવીરો સહિત વાચકો સમક્ષ રજૂ કરી છે.

૫૬૭ પાનાંના આ દળદાર ગ્રંથનાં અનેક જમાપાસાં પૈકીનું એક છે વાચકને વિષયમાં ઓતપ્રોત કરી દેતી નિરૂપણકળા. પુસ્તકની પ્રસ્તાવનામાં લેખક-લેખિકાએ જણાવ્યું છે કે, દસ્તાવેજો, પત્રો, લેખો, લોકોના હોઠ પર જીવંત કહાણીઓ, લોકગીતો ... બધાંનો ઉપયોગ કરીને આધારભૂત ઈતિહાસ-લેખનનો આ પ્રયાસ છે.

'ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી!' (સૌરાષ્ટ્રવાસીઓ પર સુભાષચંદ્ર બોઝની કેવી ઊંડી અસર હતી તેનો અંદાજ આપતું સૌરાષ્ટ્રના કવિ કરસનદાસ માણેકનું કાવ્ય) (પૃ.૫૦૬) રજૂ કરાયું છે. તો, ધંધુકાના ન્યાયાલયમાં કવિ ઝવેરચંદ મેઘાણીને બે વર્ષની સજા ફટકારવામાં આવી હતી તે ન્યાયાલયની તસવીર (પૃ.૨૯૮), તથા તેમની કવિતા 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ...' રજૂ કરવામાં આવી છે (પૃ.૨૯૯).

ગ્રંથમાં 'આરઝી હકૂમત : એક મૂલ્યાંકન' લેખ (પૃ.૪૪૬) ડૉ. એસ. વી. જાનીએ લખ્યો છે. જૂનાગઢને પાકિસ્તાનના સકંજામાંથી છોડાવવા સ્થપાયેલી આરઝી હકૂમતની સફળતાનાં કારણોમાં લેખક ડૉ. જાનીએ ઉચ્ચ આદર્શ, લોકો અને રાજાઓનો ટેકો, ભારત સરકારની સેનાની હાજરી, અહિંસાનું નકારાત્મક સ્વરૂપ, ગાંધીજીના આશીર્વાદ તથા ધર્માચાર્યોનો ફાળો વગેરે પરિબળો હતાં એમ જણાવ્યું છે.

અંતિમ પ્રકરણ 'સૌરાષ્ટ્રની સ્વાતંત્ર્ય-સૈનિક મહિલાઓ'ને પરિશિષ્ટ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. આ વીરાંગનાઓ સામાન્ય ગૃહિણીઓ પણ હતી, જેમણે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ફાળો આપ્યો હતો. એની આગળના પ્રકરણ 'આરઝી હકૂમત'માં ગુણવંતરાય સાકરલાલ પુરોહિતના જ શબ્દોમાં વર્ણન અપાયું છે. તેમાં તેઓ લખે છે: ".. લડત દરમિયાનની કામગીરી કરવામાં ખર્ચ માટે આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવા ૧૯૪૪-૪૫ની સાલમાં પ્રથમ વીરમગામ-સુરેન્દ્રનગર (બી.બી.સી.આઇ.રેલવેના) લખતર-લીલાપુર વચ્ચે મેલવાન લૂંટી લીધેલ ને ૪૫માં મહેસાણા-વીરમગામ સેક્શનના રામપુરા-ભંકોડા પાસે મેલવાન લૂંટી (ટ્રેનના મુસાફરોને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય તે રીતે) મોટી રકમ પ્રાપ્ત કરેલ...." (પૃ.૫૧૨).

લગભગ બે-બે પાનાંના અંતરે તત્કાલીન તસવીરો રજૂ કરીને જોરદાર શબ્દચિત્ર રજૂ કરવામાં લેખક-લેખિકા સફળ નીવડ્યાં છે. ભારતના સ્વાતંત્ર્યના અહિંસક તથા સમગ્ર ઈતિહાસના અભ્યાસી દરેક વાચક માટે આ ગ્રંથમાંથી પસાર થવાનો લહાવો એક તીર્થયાત્રા સમાન બની રહેશે.

('ગુજરાતનાં ક્રાંતિતીર્થો', **લેખક :** ડૉ.વિષ્ણુ પંડ્યા, ડૉ.આરતી પંડ્યા, (સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ગુજરાતના સશસ્ત્ર વિપ્લવનાં સાક્ષી સ્થળો-ગામો-સ્મારકોનું વર્ણન), **પ્રકાશક :** માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, **આવૃત્તિ:** વર્ષ ૨૦૨૧-૨૨ • **મુદ્રક:** સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર, કુલ પાનાં ૫૬૭)

# શાળા પ્રવેશોત્સવ - કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૬ તસવીરી ઝલક



**મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા**
મોરબી



**મંત્રી શ્રી રમેશભાઈ કટારા**
દાહોદ



**મંત્રી શ્રી દર્શનાબહેન વાઘેલા**
અમદાવાદ



**મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા**
અમરેલી



**મંત્રી ડો.જયરામભાઈ ગામીત**
સુરત



**મંત્રી શ્રી સંજયસિંહ મહિડા**
ખેડા



**મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર**
પાટણ



**મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ**
અમદાવાદ




# મનમોહક મહેસાણા

ઇતિહાસ, સંસ્કૃતિ અને પ્રકૃતિનો સમન્વય

આવો... મહેસાણાની ધરતીને નિહાળીએ,
ગૌરવશાળી વારસો અને પ્રાકૃતિક સૌંદર્યને માણીએ


Published on Date : 01-07-2026. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by Commissoner of Information on behalf of Commissonerate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. Printed by Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.


**To,**


**'ગુજરાત' પાક્ષિક કાર્યાલય :-**

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦